॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ॐ

# એકાદશી જાગરણનાં કીર્તનો

શ્રીનરનારાયણદેવની ગાદીના ધ.ધુ. ૧૦૦૮આચાર્ય
શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી


**-: છપાવી પ્રસિદ્ધ કરનાર :-**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.
સંવત્ ૨૦૬૫ -:- ફાગણસુદ ૧૫

પ્રત. ૫૦૦૦ સને. ૨૦૦૯ કિંમત રૂા. ૧૫


---

-: વિનંતિ :-
જાગરણ કરતી વખતે આ ચોપડી વાંચવા
માટે પૂજ્ય ભાવથી હાથોહાથ લેવી દેવી
પણ ફેંકાફેંક કરવી નહિ.


**-: પ્રાપ્તિ સ્થાન :-**
શ્રીનરનારાયણદેવ, કોઠાર
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.
પીન. ૩૭૦૦૦૧

પાંચમી આવૃત્તિ - ૫ સંવત્ ૨૦૬૫
પ્રત :- ૫૦૦૦ ફાગણ સુદ ૧૫

**-: મુદ્રણ :-**
શ્રીનરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર,
ભુજ - કચ્છ.

# -: निवेदन :-

પરબ્રહ્મ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાને વચનામૃત તથા સત્સંગિજીવનમાં સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, પુરાણો તથા ધર્મશાસ્ત્રોમાં કહ્યા મુજબ એકાદશીનું વ્રત દરેક સત્સંગીએ અવશ્ય કરવું જોઇએ. તે દિવસે દશ ઇંદ્રિયો તથા અગીયારમું મન, તેને પોતપોતાના આહાર કરવા દેવા નહિ. તે સર્વેને પોતપોતાના વિષયોમાંથી પાછા વાળી, પરમાત્માની મૂર્તિમાં જોડવાં, ભગવત્ સંબંધી નવધા ભક્તિમાં દિવસ નિર્ગમન કરવો. તથા રાત્રીએ ભગવદ્ સ્મરણ કિર્તન પૂર્વક જાગરણ કરવું, આવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે છે, તે ખબરદાર થઈને કરવું.

એકાદશીની રાત્રીએ જાગરણ કરવા માટે, સદ્ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી, સદ્ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામી તથા સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી વગેરે સંતોએ બનાવેલ કીર્તનોમાંથી આ પુસ્તિકા તૈયાર કરેલી છે, તે સર્વે સંતમંડળ, બ્રહ્મચારી, પાર્ષદ તથા સાંખ્યયોગી તેમજ કર્મયોગી બાઇ-ભાઇ સર્વે ભક્તજનોએ એકાદશીની રાત્રીએ પોતાની શક્તિ અનુસાર જાગરણ કરીને સ્નેહ સહિત શ્રદ્ધા પૂર્વક અવશ્ય ગાવાં એજ અભ્યર્થના.

લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી.



# -: प्रस्तावना :-

આજથી લગભગ ૨૨૭ વર્ષ પહેલા જ્યારે ભરતખંડમાં અધર્મ વૃદ્ધિ પામ્યો હતો. ત્યારે સંવત્ ૧૮૩૭ ના ચૈત્ર સુદિ ૯ ને દિવસે એકાંતિક ધર્મ સ્થાપવા માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે અયોધ્યા પાસેના છપૈયા ગામે ધર્મદેવ અને ભક્તિદેવી નામનાં બ્રાહ્મણ દંપતિને ત્યાં જન્મ ધારણ કર્યો. ૧૧ વર્ષ પોતે ઘેર રહ્યા, સાત વર્ષ વન વિચરણ કર્યું, અને ૨૧ વર્ષની ઉંમરે સત્સંગની વૃદ્ધિ કરી, અનેક સત્સંગીઓ તેમને ભગવાન તરીકે પૂજવા લાગ્યા અને પવિત્ર નિર્વ્યસની જીવન ગાળવા લાગ્યા, અમદાવાદ અને વડતાલ બે મુખ્ય ગાદી સ્થાપન બનાવ્યાં. જેતલપુર, ડભાણમાં અહિંસક યજ્ઞો કર્યા. ગઢડા, અમદાવાદ, વડતાલમાં રંગોત્સવો તથા અન્નકૂટ વગેરેના મહોત્સવો કર્યા. ૫૦૦ પરમહંસો જગતને ઉપદેશ આપવા તૈયાર કર્યા અને અનેક ગૃહસ્થો પણ જનકરાજા જેવા કર્યા, છેવટે પોતાનું પ્રકટપણું કાયમ રાખવા પરમાત્માએ અનેક સ્વરૂપોની મહામંદિરોમાં પ્રતિષ્ઠા કરી. શ્રેષ્ઠ ધર્મકુળમાં પોતાની ધર્મધૂરા સ્થાપી અને સ્વહસ્તે દરેકના સામાન્ય અને વિશેષ નિયમો લખીને ''શિક્ષાપત્રી'' સત્સંગીઓને અર્પણ કરી. તેમાં જ પોતે જણાવ્યું કે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તે તે જ સત્સંગી અથવા આ સંપ્રદાયનો અનુયાયી ગણાય. શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરનાર કુબુદ્ધિવાળા છે અને તે બધા અંતે મહાદુઃખને પામે છે. વચનામૃતરૂપી જ્ઞાનગ્રંથ અને સત્સંગિજીવનરૂપી ધર્મશાસ્ત્ર તથા ભક્તચિંતામણી આદિ લીલાચરિત્ર ગ્રંથ પણ જેનો સમક્ષ મૂક્યા ૪૯ વર્ષ ૨ માસ અને એક દિવસ આ પૃથ્વી ઉપર ભગવાન મનુષ્ય દેહે વિચર્યા. સંવત્ ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ ને દિવસે ભગવાન શ્રીહરિ ગઢપુરમાં રહીને સ્વધામ ગમન કર્યું.

## -: અનુક્રમણિકા :-


| ક્રમ કીર્તન | પૃષ્ઠ |
|---|---|
| ૧. એકાદશી આજનો દિન સારો રે. | ૭ |
| ૨. કોડે કોડે એકાદશી કીજીએ રે. | ૯ |
| ૩. ઉત્સવની પ્યારી કેશવની. | ૧૧ |
| ૪. અલબેલાજી પ્રાણ આધાર રે. | ૧૩ |
| ૫. આવોને ઓરા છેલછબીલા મારી શેરીએ. | ૧૫ |
| ૬. સખી ગોકુળ ગામના ચોકમાં રે. | ૧૭ |
| ૭. વહાલા લાગો છો વિશ્વ આધાર રે. | ૨૦ |
| ૮. મન લીધું મોરલડીના તાનમાં રે. | ૨૨ |
| ૯. નંદલાલો રે નંદલાલો. | ૨૪ |
| ૧૦. વાલા મારી શુદ્ધ બુદ્ધ તેં હરી લીધી રે. | ૨૬ |
| ૧૧. તારે ચટક રંગીલો છેલડો અલબેલા રે. | ૨૮ |
| ૧૨. ઓરા આવો નટવર નાનડીયા. | ૩૧ |
| ૧૩. લાગ્યો મારે નટવરથી નેડો. | ૩૩ |
| ૧૪. મારે મહોલે આવો હસીને બોલાવો. | ૩૬ |
| ૧૫. પ્યારા ઘનશ્યામ પૂર્ણ કામ. | ૩૭ |
| ૧૬. હેલી જોને આ નંદકુમાર સલુણો શોભતા. | ૪૦ |
| ૧૭. તારા મુખની લાવણતા મીઠી રે. | ૪૨ |
| ૧૮. ધર્મકુંવર ઘનશ્યામજી મારા પ્રાણ તણા. | ૪૪ |
| ૧૯. કાનુડા કેડે ફરવું રે કોઈથી ન ડરવું. | ૪૬ |
| ૨૦. ઓરા આવો મારા લેરખડા લેરી. | ૪૭ |





| | |
|---|---|
| ૨૧. શોભા શી કહું રે રૂડી વરણન કરતાં. | ૪૯ |
| ૨૨. હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે. | ૫૨ |
| ૨૩. આજ મારે ઓરડે રે આવ્યા. | ૫૪ |
| ૨૪. લટકાળા તારે લટકે રે. | ૫૮ |
| ૨૫. વાલા રમઝમ કરતા કાન, મારે. | ૫૯ |
| ૨૬. મારા કેશરીયા વર કાન. | ૬૨ |
| ૨૭. મારે આજ પ્રિતમ ઘેર આવશે. | ૬૩ |
| ૨૮. મેં તો સગપણ કીધું રે શામળીયા સાથે. | ૬૫ |
| ૨૯. મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી. | ૬૮ |
| ૩૦. રે સગપણ હરિવરનું સાચું. | ૭૦ |
| ૩૧. ભજો ભાવશું અખંડ જપમાળા રે. | ૭૨ |
| ૩૨. વંદુ સહજાનંદ રસરૂપ. | ૭૪ |
| ૩૩. ગઈતી ગઈતી ભરવા નીર. | ૭૭ |
| ૩૪. સજની શ્રીજી મુજને સાંભર્યા રે. | ૭૯ |
| ૩૫. સુખના સાગર શ્રીહરિ રે. | ૮૩ |
| ૩૬. એક સમે અમદાવાદમાં આવ્યા શ્યામ સુજાણ. | ૮૯ |
| ૩૭. શેરી ભલી પણ સાંકડી રે. | ૯૪ |
| ૩૮. શ્રીજીમહારાજ માગું શરણું તમારું. | ૯૫ |
| ૩૯. હૈડાનો હાર હરિ રે. | ૯૬ |
| ૪૦. ચાલ્ય સખી જોવાને જઈને. | ૯૮ |
| ૪૧. એકાદશી મહાત્મ્ય | ૧૦૧ |
| ૪૨. નિષ્કામવ્રત દૃઢ કરવાના ઉપાય. | ૧૦૪ |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# એકાદશી જાગરણ

### (૧) રાગ : ગરબી પદ – ૧

એકાદશી આજનો દિન સારો રે,
ગાઈએ નટવર નંદ દુલારો. એકાદશી. ૧
એના વ્રતનો મહિમા ભારી રે,
જાણે બ્રહ્માદિક ત્રિપુરારી રે;
મળે પ્રગટ પ્રમાણ મુરારી. એકાદશી. ૨
વ્રત રાખીને હરિવર વરીએ રે,
દઢ અંતર આંટી ધરીએ રે;
કોડે આનંદ ઉત્સવ કરીએ. એકાદશી. ૩
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે,
તે તો પાર સંસાર થયા છે રે;
એમ ઉદ્ધવ કહી ગયા છે. એકાદશી. ૪

### પદ – ૨

એકાદશી ઉત્સવનો દિન રૂડો રે,
કોડે નીરખીએ છેલ કાનુડો. એકાદશી. ૧



રસિયા સંગ રંગભર રમીએ રે,
દેહ પ્રાણ ઈંદ્રિય મન દમીએ રે;
ત્યારે ગીરધરને મન ગમીએ. એકાદશી. ૨
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે,
કરી વ્રત નવ રાચીએ બીજે રે;
રસિયો નટનાગર રીઝે. એકાદશી. ૩
જેણે વચન થકી વ્રત કીધું રે,
તેનું સઘળું તે કારજ સીધું રે;
બ્રહ્માનંદ કહે જન્મ ફળ લીધું. એકાદશી. ૪

### પદ – ૩

એકાદશી ઉત્સવનો છે દહાડો રે,
ખૂબ રમીએ તે રંગ અખાડો. એકાદશી. ૧
કરીએ વ્રત અતિ ઉછરંગે રે,
પહેરી વસ્ત્ર આભૂષણ અંગે રે;
રમીએ શ્યામ સુંદરવર સંગે. એકાદશી. ૨
સખિ શ્યામચરણ ચિત્ત લઈએ રે,
વિષરૂપ વિષય વિસરાઈએ રે;
ગિરીધર નટનાગર ગાઈએ. એકાદશી. ૩
એનો મહિમા કહ્યામાં ન આવે રે,
મોટા મોટા મુનિવર ગાવે રે;
બ્રહ્માનંદ કહે હરિને મિલાવે. એકાદશી. ૪

## પદ – ૪

એકાદશી પ્રગટ પ્રભુજીને પ્યારી રે,
સર્વે હરિજનને સુખકારી. એકાદશી. ૧
રહેશે વ્રત જે વચન પ્રમાણે રે,
એમાં અસત્ય ભાવ નવ આણે રે;
તે તો મોક્ષ મહાપદ માણે. એકાદશી. ૨
કાજુ સબ જગ મંગલકરણી રે,
દુઃખ શોક સંતાપની હરણી રે;
સાચી મોક્ષ તણી નીસરણી. એકાદશી. ૩
બ્રહ્માનંદ કહે ટળે ભવભીતિ રે,
રહે વ્રત સનાતન રીતિ રે;
થાય પૂરણ હરિપદ પ્રીતિ. એકાદશી. ૪

---------------

## (૨) રાગ : ગરબી પદ–૧

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે. કોડે. ૧
એવું વ્રત કરે તે ધન્ય માનવી રે,
તેતો નાહ્યો કોટીકવાર [1]જાહ્નવી રે. કોડે. ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સરવે કર્યું રે. કોડે. ૩
એનો મહીમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. કોડે. ૪

૧- ગંગામાં.



બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસીરે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. કોડે. ૫

## પદ – ૨

હરિજન હોય તે હરિને ભજે રે,
વ્રત એકાદશી તે કદી નવ તજે રે. હરિ. ૧
જાણે માત સમાન પર નારને રે,
ગણે તુચ્છ સરીખો સંસારને રે. હરિ. ૨
મદ્ય માંસ હરામ જેને નવ ખપેરે,
જીભે રાત દિવસ પ્રભુને જપેરે. હરિ. ૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે,
રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે. હરિ. ૪
બ્રહ્માનંદના વહાલાની છબી ઉર ધરે રે,
મતવાલો થઈને જગમાં ફરેરે. હરિ. ૫

## પદ – ૩

ભલે આવી અનુપમ એકાદશી રે,
મારે વહાલે મુજ સામું જોયું હસી રે. ભલે. ૧
આજ વાધી આનંદ કેરી વેલડી રે,
થઈ રસીયા સંગાથે રંગ રેલડી રે. ભલે. ૨
લટકાળા કુંવર નંદલાલની રે,
ચિત્તડામાં ખુંતીછે છબી ચાલની રે. ભલે. ૩
રંગ ભીનો રમે રસ રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. ભલે. ૪

પ્રીતિ જાણી રસીલો વચને પડ્યા રે,
બ્રહ્માનંદનો વ્હાલો મુજને મળ્યા રે. ભલે. ૫

**પદ – ૪**

ધન્ય ધન્ય એકાદશી આજની રે,
રૂડી નિરખી છબી વ્રજરાજની રે. ધન્ય. ૧
ફુલડાંનાં છોગાં તે શિરપર ધર્યાં રે,
તે જોઈને મારાં નેણાં ઠર્યાં રે. ધન્ય. ૨
ભાળી કેસર તિલક રૂડું ભાલમાં રે,
મારી લગની લાગી છે નંદલાલમાં રે. ધન્ય. ૩
વાંકી ભ્રકુટીમાં મન મારું ભમે રે,
હવે બીજું દીઠું તે મને નવ ગમે રે. ધન્ય. ૪
બ્રહ્માનંદ કહે રૂપાળી એની આંખડી રે,
પ્યારી લાલ કમળ કેરી પાંખડી રે. ધન્ય. ૫

---------------

**(૩) રાગ : ગરબી પદ–૧**

ઉત્સવની પ્યારી કેશવની,
આજ એકાદશી ઉત્સવની;
કોટિક ગૌ કેરાં દાન કરે પણ,
નાવે તોલે એના લવની. આજ. ૧
મંગળરૂપ સદા સુખ કારી,
વા'લી નિધિ જન વૈષ્ણવની. આજ. ૨
વચન પ્રમાણે કરે વ્રત જેનું,



ત્રાસ મટે રે મૃત્યુ ભવની. આજ. ૩
બ્રહ્માનંદ કહે વ્રત કરવું,
એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની. આજ. ૪

**પદ – ૨**

હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ,
આજ એકાદશી હરખ અતિ.
મનમોહન મારે મંદિરે આવ્યા,
અધિક થઈ હું તો પુણ્યવતી. આજ. ૧
પીતાંબર આભૂષણ પે'રી,
ચાલંતા વા'લો હંસગતિ. આજ. ૨
પુરુષોત્તમ પુરણ વર પામી,
રહી નહિ ખામી હવે એક રતિ. આજ. ૩
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં,
ચૌદ ભુવનમાં હું થઈ રે છતી. આજ. ૪

**પદ – ૩**

માવ મળ્યા [૧]ત્રાણ તાપ ટળ્યા,
આજ એકાદશી માવ મળ્યા;
પૂર્વ જન્મની પ્રીત જાણીને,
આવીને અમપર અઢળ ઢળ્યા. આજ. ૧
મુનિવર ધ્યાન ધરી ધરી થાકયા,
કોઈથી વા'લો નવ જાય કળ્યા. આજ. ૨
મારુ મંદિરિયું પોતાનું રે જાણી,

૧. *અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ*

ભૂધર સુખ દુ:ખ માંહી ભળ્યા. આજ. ૩
બ્રહ્માનંદ કહે હરિવર પામી,
આનંદ કેરા [૧]ઓઘ વળ્યા. આજ. ૪

### પદ – ૪

સુફળ ફળી હું તો હરિને મળી,
આજ એકાદશી સુફળ ફળી;
ચોંપ કરી નટનાગર સારું,
સેજ સજી કાજુ કુસુમ કળી. આજ. ૧
રસ બસ હોઈ રહી રસિયા સંગ,
જ્યું [૨]મીસરી [૩]પયમાંહી ભળી. આજ. ૨
નિત નિત પ્રેમ રહું ઉર ધરતી,
હરિચરણે મનવૃત્તિ હળી. આજ. ૩
બ્રહ્માનંદ કહે હરિવર વરિયા,
જન્મ મરણ કેરી શંકા ટળી. આજ. ૪

---------------

### (૪) રાગ : ગરબી પદ ૧

અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે,
તારે નેણે તે નંદકુમાર રે, મોહી વ્રજનારી રે.૧
છોગાંવાળા મનોહર છેલ રે, નંદજીના લાલા રે,
ગુણવંતા આવીશ તારે ગેલ રે, વ્રજપતિ વહાલા રે.૨
મીઠાબોલા રંગીલા માવ રે, લાગ્યો છે નેડો રે,
નહિ મેલું હું નટવર નાવ રે, કાન તારો કેડો રે. ૩

*૧, ઢગલા, ૨, ખાંડ, ૩, દૂધ.*



છબી જોઈને અલૌકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે,
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે. ૪

### પદ – ૨

મારા જન્મ સંગાથી જદુરાય રે, ગિરિવર ધારી રે,
તારી મૂર્તિ વસી છે મનમાંય રે, ન મેલું ઘડી ન્યારી રે. ૧
તમ સાથે રંગીલા નાથ રે, બાંધી છે બેલી રે,
મારો હેતે ઝાલ્યો છે તમે હાથ રે, માં દેશો મેલી રે. ૨
મારા પ્રીતમ જીવન પ્રાણ રે, જીવું છું જોઈને રે,
તમ સંગે કરી છે ઓળખાણ રે, લોકલજ્જા ખોઈને રે. ૩
રસિયાજી મારે ઘેર રાત રે, આવીને રહોને રે,
બ્રહ્મમુનિ કહે દીલડાંની વાત રે, એકાંતે આવી કહોને રે. ૪

### પદ – ૩

આજ ગઈ'તી [૧]કાલિંદીને તીર રે, ભરવાને પાણી રે,
મેંતો જોયા ત્યાં બળભદ્રવીર રે, મોહન દાણી રે. ૧
શોભે ફુલડાંનો તોરો એને શીશ રે, કસુંબલ ફેંટો રે,
ઊભા ડોલરિયો જગદીશ રે, રંગીલો ઓઢી રેંટો રે. ૨
કર્યું તિલક કેસર કેરું ભાલ રે, ફુલડાંની માળા રે,
વહાલો ચાલે છે હંસ કેરી ચાલ રે, લાગે છે રૂપાળા રે. ૩
ખેલે સર્વે ગોવાળાને સાથ રે, આનંદી અલબેલો રે,
જોયા બ્રહ્મમુનિનો નાથ રે, રંગડાનો રેલો રે. ૪

### પદ – ૪

તારી નવલ છબી નંદલાલ રે, પ્રીતમ પ્યારા રે,

*૧, યમુનાજી*

હું તો નિરખીને થઈ છું નિહાલ રે, જીવન મારા રે. ૧
મુખે બોલો મનોહર વેણ રે, અતિ સુખકારી રે,
મારી લગની લાગી છે [1]દિનરેણ રે, કુંજવિહારી રે. ૨
શોભે સોનેરી શિર પાઘરે, કાનુમાં મોતી રે,
મારા રસિયા માણિગર માવ રે, રહું છું નિત્ય જોતી રે. ૩
મારા હૈડામાં નાથ હમેશ રે, દર્શન દેજો રે,
બ્રહ્મમુનિ કહે નટવરવેશ રે, આંખડલીમાં રે'જો રે. ૪

---------------

### *(૫) રાગ ગરબી પદ – ૧*

આવોને ઓરા છેલછબીલા મારી શેરીએ;
આવોને ઓરા હેત કરીને સામું હેરીએ. ૧
આવોને ઓરા લાવો મળ્યાનો આપણ લીજીએ;
આવોને ઓરા કહાના એકાંતે વાતું કીજીયે. ૨
આવોને ઓરા ખાંત કરીને આપણ ખેલીએ;
આવોને ઓરા માથે કલંગી સુંદર મેલીએ. ૩
આવોને ઓરા ફુલડે બીછાવી મેંતો સેજડી;
આવોને ઓરા હાથ જોડીને આગે છું ખડી. ૪
આવોને ઓરા મનડાં મળ્યાં તે નથી છૂટતાં;
આવોને ઓરા દુરીજન દેખીને છોને કુટતાં. ૫
આવોને ઓરા પ્રગટ થયા અમારે કારણે;
આવોને ઓરા બ્રહ્માનંદ જાય તમારે વારણે. ૬

*૧, રાત્રિ-દિવસ.*



### પદ - ૨

પધારો નાથ વાટ જોઈને ઉભી કયારની;
પધારો નાથ શંકા તજી મેં સંસારની. ૧
પધારો નાથ મંદિર અમારે રંગ માણીએ;
પધારો નાથ અવગુણ અમારા ચિત્ત ન આણીએ. ૨
પધારો નાથ તમને વધાવું મોતીડે કરી;
પધારો નાથ પ્યારા રાખીશ હૈડા ઉપરી. ૩
પધારો નાથ માથા સાટે વરી છું રાજને;
પધારો નાથ મેલી લોકડીયાંની લાજને. ૪
પધારો નાથ ચિત્તડું મોહ્યું તમારી ચાલમાં;
પધારો નાથ ભુધર લખ્યા છો મારા ભાલમાં. ૫
પધારો નાથ છેલછબીલા કુંવર નંદના;
પધારો નાથ વહાલા રસીલા બ્રહ્માનંદના. ૬

### પદ - ૩

છબીલા છેલ દૂર ફરો છો શીદ ડોલતા;
છબીલા છેલ અમથી શામાટે નથી બોલતા. ૧
છબીલા છેલ અમને તમારો એક આશરો;
છબીલા છેલ મનમાં ન ગોઠે [1]પીયર [2]સાસરો. ૨
છબીલા છેલ વાલપ લાગી તમારા વેણમાં;
છબીલા છેલ આવોને રાખશું જો નેણમાં. ૩
છબીલા છેલ મુજને લાગી તમારી આંખડી;
છબીલા છેલ પ્યારા પધારો પહેરી ચાખડી. ૪

*૧, માયાનું ઉદર, ૨, સાસરૂં- ભગવાનની મૂર્તિ સિવાય કેવળ સત્તારૂપ.*

છબીલા છેલ ભાવ કરીને આવો ભેટવા;
છબીલા છેલ મનડાંની દાઝું સર્વે મેટવા. ૫
છબીલા છેલ આળસ મેલીને હવે આવીએ;
છબીલા છેલ બ્રહ્માનંદને હસીને બોલાવીએ. ૬

**પદ - ૪**

રંગીલા કાન અરજી અમારી એક ઝીલીએ;
રંગીલા કાન મનની આંટી તે સર્વે મેલીએ. ૧
રંગીલા કાન રહોને આવીને અહીં રાતડી;
રંગીલા કાન વાલપની કરીએ જો વાતડી. ૨
રંગીલા કાન ઝાઝું તમને શું કહી દાખીએ;
રંગીલા કાન રાંકુથી રીસ નવ રાખીએ. ૩
રંગીલા કાન છેટે રહેવું તે વારી નવ ઘટે;
રંગીલા કાન મળ્યા વિના તે પીડા નવ મટે. ૪
રંગીલા કાન પ્રીત કરીને અમને પરહર્યાં;
રંગીલા કાન કુબ્જાનાં ઘર તે પોતાનાં કર્યાં. ૫
રંગીલા કાન બ્રહ્માનંદની અરજી તે સાંભળો;
રંગીલા કાન આવી એકાંતે મુજને મળો. ૬

---------------

***(૬) રાગ ગરબી પદ - ૧***

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે. ટેક.
ચહુકોરે સખાની મંડળીરે,



ઉભા વચમાં છેલો અલબેલ. રમે રાસ. ૧
સખી ચાલોને જઈએ દેખવારે,
વા'લે પહેર્યાં છે વસ્ત્ર શોભિત. રમે રાસ. ૨
તાળી પાડે રૂપાડી તાનમાંરે,
મુખે ગાવે મનોહર ગીત. રમે રાસ. ૩
શોભા બની સલુણા શ્યામની રે,
ઉભી વ્રજની નારી જોવા કાજ. રમે રાસ. ૪
હસી હેરે છબીલો હેતમાં રે,
બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ. રમે રાસ. ૫

**પદ - ૨**

સખી નંદમહરને આંગણે રે, ગોપી આનંદ મંગળ ગાય,
છબી જોને સનેહી શ્યામની રે. ટેક.
મરમાળે અખાડો માંડીયો રે,
કાજુ આસોપાલવની છાંય. છબી. ૧
વા'લે પ્રિત કરીને પહેરીયો રે,
રૂડો સોનેરી સુરવાળ. છબી. ૨
સખી ફરતાં લાગે છે ફુટડી રે,
ઝીણી અંગરખીની ચાળ. છબી. ૩
બહુ મૂલી મોળીડું બાંધીયું રે,
કાજુ ચળકે સોનેરી કોર. છબી. ૪
રૂડાં લટકાં કરે છે હાથનાં રે,
બ્રહ્માનંદનો વા'લો ચિત્તચોર. છબી. ૫

### પદ – ૩

સખી જોને ગોવાળોના સાથમાં રે, વાલો ફરે અલૌકિક ફેર,
કહી શોભા ન જાય પ્યારા કાનની રે. ટેક.
છેલો ઠમકે માંડે પાવ ઠાવકા રે,
વાજે ઘુઘરડીનો ઘેર. કહી. ૧
છાયું નવલમોળીડું ફુલ છોગલે રે,
રાજે નવલકલંગી છબીદાર. કહી. ૨
રૂડો જામો પહેર્યો છે જરકસી રે,
શોભે અંગોઅંગ શણગાર. કહી. ૩
રંગભીના કા'ના કેરી રાસની રે,
છબી જોવા આવ્યા સુરવૃંદ. કહી. ૪
સખીનવલ રંગીલી છબી ઉપરે રે,
વારી જાય છે બ્રહ્માનંદ. કહી. ૫

### પદ – ૪

સખી આજ ગઈ'તી હું તો પાણીએ રે, ઉભો છોગાવાળો રંગછેલ.
મુને વહાલો લાગે કુંવર નંદનો રે ટેક.
સખી જમુનાને આરે ઝીલતો રે,
જોઈ ભરવી ભુલી જળહેલ. મુને. ૧
સખી મંત્ર ભણીને નાખી મોહનીરે,
થઈ થકીત ન ચાલે મારા પાવ. મુને. ૨
સખી શું રે જાણું મુને શું કર્યું રે,
મરમાળે રંગીલે માવ. મુને. ૩



સખી એની અલૌકિક આંખડીરે,
મારે ચોંટી છે ચિત્તડામાંય. મુને. ૪
બ્રહ્માનંદના વહાલાની મૂર્તિ રે,
ઘડી છેટે મેલી કેમ જાય. મુને. ૫

---------------

### (૭) રાગ : ગરબી પદ – ૧

વાલા લાગો છો વિશ્વા આધાર રે સગપણ તમ સાથે,
મેં તો સર્વે મેલ્યો સંસાર રે. સગ. ૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે. સગ.
તમ સારૂં તજ્યું ધન ધામ રે. સગ. ૨
મારું મનડું લોભાણું તમ પાસ રે. સગ.
મુને નથી બીજાની આશ રે. સગ. ૩
મારે માથે ધણી છો તમે એક રે. સગ.
મારી અખંડ નિભાવજો ટેક રે. સગ. ૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે. સગ.
તમને જોઈ મોહી છું વ્રજરાજ રે. સગ. ૫
હું તો હેતે વે'ચાણી તમ હાથ રે. સગ.
છો બ્રહ્માનંદના નાથ રે. સગ. ૬

### પદ – ૨

મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ મને શું કરશે,
માથા સાટે વર્યા મેંતો માવ રે. કોઈ. ૧
હવે બળે છે જગમાં બલાય રે. કોઈ.

મેંતો ભેટ્યા છે ભૂધરરાય રે. કોઈ. ૨
અતિ આનંદ થયો છે મારે અંગ રે. કોઈ.
લાગ્યો રસિયાજીનો રંગ રે. કોઈ. ૩
થઈ જગમાં અલૌકિક જીત રે. કોઈ.
લાગી પૂરણ સલુણા સાથે પ્રીત રે. કોઈ. ૪
મારે વાલે દીધું મુને માન રે. કોઈ.
મુને કીધી સોહાગણ કાન રે. કોઈ. ૫
હવે થયો સંસારીડો ઝેર રે. કોઈ.
બ્રહ્માનંદને વહાલે કીધી મહેર રે. કોઈ. ૬

### પદ – ૩

જોઈ છેલ છબીલાની ચાલ રે, મન મારૂં લોભાણું,
વળી ભૂરકી નાખી છે નંદલાલ રે. મન. ૧
સહુ ઘેલી કહે છે સંસાર રે. મન.
મેંતો નીરખ્યા છે નંદકુમાર રે. મન. ૨
કોઈ શાને કરો છો મારી છેડ રે. મન.
નહિ મેલું કાનુડાની કેડ રે. મન. ૩
સર્વે ભૂલી છું ઘરડાનું કાજ રે. મન.
એક વહાલા કીધા છે વ્રજરાજ રે. મન. ૪
હવે રટના લાગી છે દિનરાત રે. મન.
થઈ શીર સાટાની વાત રે. મન. ૫
મુને કીધી માનેતી સહુ માંય રે. મન.
બ્રહ્માનંદને વહાલે ઝાલી બાંય રે. મન. ૬



### પદ – ૪

બા’રી કાઢી જગતની બીક રે, વરી હું તો વનમાળી,
મેંતો સમજી વિચારી કીધું ઠીક રે. વરી. ૧
તુચ્છ જાણીને કીધું સર્વે ત્યાગ રે. વરી.
મોહી રસિક સલુણાને રાગ રે. વરી. ૨
મુને ચટકી લાગી છે ચિત્તમાંય રે. વરી.
બીજું વહાલા વિના ન સોહાય રે. વરી. ૩
મુને કાંઈ નવ સૂઝે કામ રે. વરી.
થયું હરિ વિના સર્વે હરામ રે. વરી. ૪
હવે નિઃશંક થઈ છું નચિંત રે. વરી.
થઈ જગમાં અલૌકિક જીત રે. વરી. ૫
સમજી કીધું છે તન કુરબાન રે. વરી.
બ્રહ્માનંદના વહાલાથી બાંધ્યા પ્રાણ રે. વરી. ૬

---------------

### (૮) રાગ : ગરબી પદ – ૧

મન લીધું મોરલડીના તાનમાં રે,
હુંતો મોહી છું છેલાજીના વાનમાં રે. મન. ટેક.
સખી આજ ગઈ’તી હું તો પાણીએ રે,
વાલે મુજને બોલાવી મીઠીવાણીએ રે. મન. ૧
વાલો ઉભા ગોવાળોના સાથમાં રે,
લીધી બંસી મનોહર હાથમાં રે. મન. ૨
રૂડાં છોગાં મેલ્યાં તે રળિયામણાં રે,

ભાળી લીધાં ભૂધરજીનાં ભામણાં રે. મન. ૩
મારી લગની લાગી છે નંદલાલમાં રે,
બ્રહ્માનંદને વા'લે જોયું વા'લમાં રે. મન. ૪

**પદ – ૨**

ઓરા આવોને નાગર નંદના રે,
આવી વાળોને ઓઘ આનંદના રે. ઓરા. ટેક.
વા'લા હોંસ ઘણી છે મારા મનમાં રે,
તમ આવ્યે ટાઢું થાયે તનમાં રે. ઓરા. ૧
વા'લા એકલાં તે કેમ કરી રીઝીયે રે,
કાના આવોને ગોઠડી કીજીએ રે. ઓરા. ૨
તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે,
મારી ઉઘડી હૈયા કેરી હાટડી રે. ઓરા. ૩
બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે,
પ્યારા પરમ સ્નેહી મારા પ્રાણ છો રે. ઓરા. ૪

**પદ – ૩**

મનમાની મોહન તારી મૂરતી રે,
એક નિમિષ ન મેલું મારા ઉરથી રે. મન. ટેક.
મને નેહડો જણાણો તારા નેણમાં રે,
રઢ લાગી ન ભુલું દિન રેણમાં રે. મન. ૧
જોયું રૂપ તારું રળિયામણું રે,
બીજું સરવે થયું છે અળખામણું રે. મન. ૨
હું તો ગરક થઈછું તારા ગીતમાં રે,



ચઢ્યો કેફ અલૌકિક ચિત્તમાં રે. મન. ૩
પિયા પ્રેમેથી સેજ પધારજો રે,
બ્રહ્માનંદને ઘડી ન વિસારજો રે. મન. ૪

**પદ – ૪**

વહાલી લાગે વા'લા તારી વાતડી રે,
છેલા મળીને ઠરે છે મારી છાતડી રે. વા'લી. ટેક.
રંગ ભીના રંગાણી તારા રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. વા'લી. ૧
હું તો જીવું મોહન તુંને જોઈને રે,
છેલા રાખું આંખલડીમાં પ્રોઈને રે. વા'લી. ૨
કહાના નેણુંમાં કામણ કીધલાં રે,
રૂડાં લટકાં કરી મન લીધલાં રે. વા'લી. ૩
વારી એકાંતે રંગભેર આવજો રે,
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે. વા'લી. ૪

---

**(૯) રાગ : ગરબી પદ –૧**

નંદલાલો રે નંદલાલો,
છે જો પ્રાણ થકી મુને વહાલો રે. નંદ. ૧
એના ચરણ કમલની રેખું,
જોઈ જન્મ સુફળ મારો લેખું રે. નંદ. ૨
નખમંડળ અધિક તેજાળું,
અંતરમાં કરે છે અજવાળું રે. નંદ. ૩

પગ ઘુંટી અજબ ગોળ પ્યારી,
એનું ધ્યાન ધરે છે [1]ત્રિપુરારી રે. નંદ. ૪
ગિરિધરની નવલ પીંડી ગોરી,
બ્રહ્માનંદની છે જીવનદોરી રે. નંદ. ૫

**પદ – ૨**

રંગ ભીનો રે રંગભીનો,
એનો નિત્ય નિત્ય ભાવ નવીનો રે. રંગ. ૧
જાનું જુગલ જોઈને સુખી થાયે,
નિત્ય કમલા ચાંપે છે ચતુરાયે રે. રંગ. ૨
દીલ હરખ વાધે છે ઉરૂ દીઠે,
તે તો શોભે ગરુડ કેરી પીઠે રે. રંગ. ૩
કટિ નવલ પીતાંબર ભારી,
કંદોરો જડિત સુખકારી રે. રંગ. ૪
નાભી [2]અજને થયાનું ઠેકાણું,
બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું રે. રંગ. ૫

**પદ – ૩**

અલબેલો રે અલબેલો,
છોગાંવાળો તે છેલછબીલો રે - અલ. ૧
[3]દુંદ ત્રિવળી અધિક રૂપાળી,
જોઈ મગન રહેછે મહીવાળી રે. અલ. ૨
પેટ નરમ પોયણ કેરું પાનું,
માંહી રહેછે બ્રહ્માંડજુથ છાનું રે. અલ. ૩

૧- શિવજી, ૨- બ્રહ્મા, ૩- ઉતર.



છબીદાર ઉપડતી પહોળી છાતી,
રહે લક્ષ્મી અખંડ રંગરાતી રે. અલ. ૪
કંઠ શંખસરીખો કાજુ શોભે,
બ્રહ્માનંદનું તે મનડું લોભે રે. અલ. ૫

**પદ – ૪**

ગિરધારી રે ગિરધારી,
એની મૂર્તિ લાગે છે મુને પ્યારી રે. ગિર. ૧
ભુજદંડ પ્રચંડ શોભે ભારી,
કંઠ નાખી ડોલેછે વ્રજનારી રે. ગિર. ૨
રૂડાં કુંડળ જડાઉ કાને રાજે,
મુખ જોઈ કમળ શશિ લાજે રે. ગિર. ૩
તિલ ત્રાજું છે ગૌર કપોળે,
સુખ અનંત રહ્યાં છે એને ઓળે રે. ગિર. ૪
નાસા નેણ તિલક છબી જોઈને,
બ્રહ્માનંદ કહે રાખું છું ચિત્ત પ્રોઈને રે. ગિર. ૫

---------------

**(૧૦) રાગ : ગરબી પદ – ૧**

વા'લા મારી શુદ્ધ બુદ્ધ તેં હરિ લીધી રે,
તારે લટકે વેરાગણ કીધી. વાલા. ટેક.
તારી નવલ કલંગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠી. વાલા. ૧
જોયું મોલીડું આંટે ફરતું રે, પળ એક નથી વિસરતું રે;

મારું હૈડું ધીરજ નથી ધરતું. વાલા. ૨
ભાલે આડ કેસર કેરી ભાળી રે, રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;
જાણે મન પકડયાની છે જાળી. વાલા. ૩
વાંકી ભ્રકુટી ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચઢાવી. વાલા. ૪

## પદ – ૨

પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણિયાં રે,
જોઈ ભેખ લીધો મેં જોગણિયાં. પ્યારા. ટેક
તારાં લોચનબાણ તીખડીયાં રે, ઘણાં જાદુ હથોડીનાં ઘડીયાંરે;
આવી ઓચિંતાં મુજ પર પડીયાં. પ્યારા. ૧
તારી નાસિકા સુંદર નમણી રે, છે જો દીપક કીર લજમણી રે;
એ તો જીવન દોરી છે અમણી. પ્યારા. ૨
કાને કુંડળ નૌતમ ધરીયાં રે, ભારે નંગ વળી રંગ ભરીયાં રે;
આવી અંતરમાં ઊંડાં ગરીયાં. પ્યારા. ૩
દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે, તિલ દક્ષિણ ગૌર કપોળે રે;
બ્રહ્માનંદ કહે મુનિ તેને ખોળે. પ્યારા. ૪

## પદ – ૩

રૂડીતારી મુછની રેખા ઉપડતી રે,
ચિત્તાચોર્યું ચાલું લડથડતી. રૂડી. ટેક.
હૈડામાં વસી મારે હાંસી રે, એને સમરે છે જોગ અધ્યાસી રે;
જાણે પ્રેમતણી માંડી ફાંસી. રૂડી. ૧
હેતે દંત બત્રીસી હેરી રે, ઠીક થઈને વૃત્તિ મારી ઠેરી રે;



કાજુ કળિયું તે દાડમ કેરી. રૂડી. ૨
વા'લા મોરલી ધીરે સ્વરે વાજોરે, પ્રિતે અધર અમૃતરસ પાજો રે;
જયાં જાઓ ત્યાં સાથે તેડી જાજો. રૂડી. ૩
જ્યારે ચાવોછો પાનસોપારી રે, છોળું આવે તંબોળની બા'રી રે;
તેનો બ્રહ્માનંદ અધિકારી. રૂડી. ૪

## પદ – ૪

કાના તારો કંઠ કહ્યામાં ન આવે રે;
એ તો કૌસ્તુભમણિને શોભાવે. કા. ટેક
હૈડે પહેર્યો છે હાર હજારી રે, ભુજદંડ પ્રચંડ છે ભારી રે;
નાખી કંઠ જીવે વ્રજનારી. કાના. ૧
શોભે કમરે રેંટો સુધો સારો રે, જ્ઞાની ધ્યાનીનો દિવસ ગુજારો રે;
ચાલ જોઈ લાજે હંસ બિચારો. કાના. ૨
રૂડી લાગે છે પગની આંગળીયું રે, નખતેજ જાયે નહીં કળીયું રે;
જાણે ચંદ્રતણી રે મંડળીયું. કાના. ૩
રાજે ચરણે લાંબી ઉર્ધ્વ રેખું રે, હું તો ધ્યાન વિના એને દેખું રે;
બ્રહ્માનંદ કે' જન્મ ધન્ય લેખું. કાના. ૪

---------------

## (૧૧) રાગ : ગરબી પદ – ૧

તારે ચટક રંગીલો છેડલો, અલબેલા રે,
કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે;
શિર અજબકલંગી શોભતી. અલ.
હૈડામાં રાખ્યા લાગ. રંગના.૧

મોળીડું છાયું મોતીએ. અલ.
ફુલડાંની સુંદર ફોર. રંગના. ૨
ઘેરે રંગે ગુચ્છ ગુલાબના. અલ.
જોઈ ભ્રમર ભમે તે ઠોર. રંગના. ૩
તારી પાઘડલીના પેચમાં. અલ.
મારું ચિત્તડું થયું ચકચુર. રંગના. ૪
બ્રહ્માનંદ કહે તારી મૂરતિ. અલ.
વણદીઠે ઘેલી તૂર. રંગના. ૫

## પદ – ૨

કેસરનું તિલક સોહામણું, ગિરધારી રે,
ઝળકે છે સુંદર ભાલ, જાઉં બલિહારી રે,
રસ રેખડલી વિલસી રહી. ગિર.
નીરખીને થઈ છું નિહાલ. જાઉં. ૧
વારી બેહદ ભ્રકુટી વાંકડી. ગિર.
જાણે કરડી શ્યામકબાણ. જાઉં. ૨
રૂપાળી ટસરું રાતડી. ગિર.
લોચનીયાં તીખાં બાણ. જાઉં. ૩
નાસા અણિયાળી નમણી. ગિર.
જોઈ લાજે દીપક કીર. જાઉં. ૪
બ્રહ્માનંદ કહે જોઈ રહેતી નથી. ગિર.
ઉર દેવત્રિયાને ધીર. જાઉં. ૫



## પદ – ૩

કુંડળ બેઉ રાજે કાનમાં, વ્રજ ચંદા રે,
સુંદર માંહી બિંદુ શ્યામ, નંદના નંદા રે,
રંગભીના તારા રૂપને. વ્રજ.
જોઈ લાજે કોટીક કામ. નંદ. ૧
તિલનું એક નૌતમ ત્રાજવું. વ્રજ.
કંકોળેલ ગૌર કપોળ. નંદ. ૨
તારા અધર પ્રવાળા સરખા. વ્રજ.
છબીવદન કમળની ગોળ. નંદ. ૩
તારા દંત ડોલરીયાની કળી. વ્રજ.
વળી દાડમ કેરાં બીજ. નંદ. ૪
બ્રહ્માનંદ કહે હાસ્ય વિલાસમાં. વ્રજ.
રહી વ્રજનારી રંગભીજ. નંદ. ૫

## પદ – ૪

બાંયે બાજુ કાજુ બેરખા, મુને પ્યારા રે,
બહુમૂલી લટકે બોર, કામણગારા રે,
હાથોમાં પોંચી હેમની. મુને.
ખાસી તન [1]ચંદનખોર. કામ. ૧
બની શોભા વીંટી વેઢની. મુને.
હૈયે નવલ ગુલાબી હાર. કામ. ૨
તારું રૂપ જોઈ ઘેલી ફરે. મુને.
ગોકુળીયાં કેરી નાર. કામ. ૩

૧- અર્ચ.

જોઈ તેજ અલૌકિક અંગનું. મુને.
થયા ઝાંખા સુરજ ચંદ. કામ. ૪
તારી નવલ છબીની ઉપરે. મુને.
બલિહારી બ્રહ્માનંદ. કામ. ૫

---------------

### (૧૨) રાગ ગરબી પદ - ૧

ઓરાઆવો નટવર નાનડીયા;
તમે મારા જીવ સાથે જડીયા. ઓરા આવો. ટેક.
શોભોછો સોનેરી પટકે, છબી રંગ ચોળતણે ચટકે;
લીધું મન હાથતણે લટકે. ઓરા આવો. ૧
કરી મેં તમ અર્થે કાયા, લાગી છે મુખડાંની માયા;
જીવો ઘણું જશોદાના જાયા. ઓરા આવો. ૨
સુંદરવર લાગો છો સારા, ન મેલું એક ઘડી ન્યારા;
છોજી મારા પ્રાણ થકી પ્યારા. ઓરા આવો. ૩
વાતું થકી દુઃખડાં વીસરીયે, જોઈ જોઈ અંતરમાં ઠરીયે;
કહાના આવો ગોઠડલી કરીયે. ઓરા આવો. ૪
કટીપર પીતાંબર કસીયા, હેતે નિત્ય બોલો છો હસીયા;
બ્રહ્માનંદના વ્હાલા રસીયા. ઓરા આવો. ૫

### પદ - ૨

વાજો હરિ વાંસલડી વ્હાલા,
લાડીલા નંદતણા લાલા. વાજો હરિ.
મોહ્યું મન બંસીના સ્વરમેં, ભરી છું આનંદના ભરમેં;



નથી હવે રહેવાતું ઘરમેં. વાજો હરિ. ૧
બુઝી સરવે અંતરની [૧]બળગું, બંસીમેં ચિત્ત આવી વળગ્યું;
અધ ક્ષણ નવ થાયે અળગું. વાજો હરિ. ૨
વેં ધાણી બંસીને નાદે, સુણું છું સુંદર સવાદે;
ગાવો હરિ ઉંચેરે સાદે. વાજો હરિ. ૩
આવી છું સાંભળવા ઓળે, બંસી અતી મરમાળી બોલે;
સુણી દીલ [૨]વસીયર જ્યું ડોલે. વાજો હરિ. ૪
બંસી મુને લાગે છે પ્યારી, ઘેરી ઘેરી વાજો ગીરધારી;
બ્રહ્માનંદ જાયે બલીહારી. વાજો હરિ. ૫

### પદ - ૩

આવો આવો સુંદરવર ઓરા,
ખોસું માથે ફુલોના તોરા. આવો આવો.
મારું સર્વે આવ્યું છે મજરે, દેખો છો અમૃતની નજરે;
ગોઠ્યું મન ફુલડાંને ગજરે. આવો આવો. ૧
શોભે મુખ ઉપર તિલ ત્રાજું, કપોળે ટીબકડી કાજુ;
બહુ રૂડા લાગે છે બાજુ. આવો આવો. ૨
મનોહર મૂર્તિ મનમાની, છુપાડી કેમ રહે છાની;
દેખી હુંતો થઈ છું દીવાની. આવો આવો. ૩
કેશરની આડ કરી ભાલે, વળી વળી બોલો છો વ્હાલે;
ચાલોછો હંસ તણી ચાલે. આવો આવો. ૪
સુરંગી સુંથણલી ચંગી, અનુપમ પહેરી છે અંગી;
બ્રહ્માનંદના વ્હાલા રંગી. આવો આવો. ૫

---

૧- ઝંળ, ૨- નંગ

### પદ - ૪

છોજી તમે નંદતણા નંદા,
ચતુર વર ગોકુળના ચંદા. છોજી તમે.
કોડીલા કુંવર કહાનુડા, નટવર સુંદર નાનુડા;
રાજેશ્વર દીસો છો રૂડા. છોજી તમે. ૧
આંખ્યું તારી અતિશે અણીયાળી, મનોહર સુંદર મરમાળી;
રંગીલી મૂર્તિ રૂપાળી. છોજી તમે. ૨
આવો ઘેર આવા ને આવા, ખાંતે મહી માખણીયું ખાવા;
મીઠું મીઠું બોલોને માવા. છોજી તમે. ૩
પહેરી તન જરકશીયા જામા, ચાલી આવો વાલમજી સામા;
વાઓ રૂડી બંશી વિસામા. છોજી તમે. ૪
કોઈ વિધ જાઓ નહી કળીયા, હેતે તમે કોણતણે હળીયા;
વારી બ્રહ્માનંદના વ્હાલા છળીયા. છોજી તમે. ૫

---------------

### (૧૩) રાગ : ગરબી પદ- ૧

લાગ્યો મારે નટવરથી નેડો,
હવે મેં તો શિર નાખ્યો છેડો રે . લાગ્યો.
કે સહુ મળીને મુજને વારી, કે અટકી મનવૃત્તિ મારી;
કે ધણી મેંતો ધાર્યા ગિરધારી રે. લાગ્યો. ૧
કે શું મતલબ મારે કોઈ સાથે, કે મેણું મારે મોહનનું માથે;
કે હરિવર મુંને ઝાલી હાથે રે. લાગ્યો. ૨
કે મોડું વેલું સૌ જાવાનું, કે તેને દેખીને તે શું થાવાનું;



કે મેણું મારે અવિચળ માવાનું રે. લાગ્યો. ૩
કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચડી શંકા કોણ ધરશે;
કે શ્વાન ભસી ભસીને મરશે રે. લાગ્યો. ૪
કે સમજીને મેં તો પગ ભરીયા, કે સરવે વિષયરસ વિસરીયા;
કે બ્રહ્માનંદનો વહાલો વરીયા રે. લાગ્યો. ૫

### પદ – ૨

લાગી મારે નટવરથી લગની,
કે મરજાદા મેલી જગની રે. લાગી.
કે એક ટેક અંતર ધારી, કે સગાં કુટુંબ સહુ વિસારી;
કે મન કર્મ વરીયા મોરારી રે. લાગી. ૧
કે કર્યું મેં તો તનમન કુરબાણી, કે હરિવિના ન વદું અન્ય વાણી;
કે કાન કુંવરથી અટકાણી રે. લાગી. ૨
કે સુખ મેં તો સંસારી છોડ્યું, કે સહુ સાથે સગપણ તોડ્યું;
કે જગના જીવન સાથે જોડ્યું રે. લાગી. ૩
કે મેણાં જગકેરાં સહીને, કે સ્થિર મન મતવાલી થઈને;
કે ચાલી હું તો શિર કરમાં લઈને રે. લાગી. ૪
કે બેઠી હું તો ભય જગનો ખોઈને, કે મન નિશદિન રહ્યું છે મોહીને;
કે બ્રહ્માનંદનો વહાલો જોઈને રે. લાગી. ૫

### પદ – ૩

મોહી હું તો નટવરને વાને,
કે કીધી વશ ડોલરીયે કાને રે. મોહી.
કે ચિત્તડામાં લાગી ચટકી, કે લોકતણીલજ્જા પટકી;

કે નંદના નંદન સાથે અટકી રે. મોહી. ૧
કે જીવ જીવને શું પરણું, કે જેને શિર ઉપર મરણું;
કે સમરથનું લીધું શરણું રે. મોહી. ૨
કે થઈ પુરુષોત્તમથી પ્રીતિ, કે નથી હું તો લોક થકી બીતી;
કે જગપતિ વરી હું તો જગજીતી રે. મોહી. ૩
કે અચલ વાત મુને ઓળખાણી, કે થઈ મારે સર્વે દુઃખની હાણી;
કે પ્રીતમ મુખ રાખ્યું પાણી રે. મોહી. ૪
કે સ્થિર થઈ અંતરમાં ધરીયું, કે કા'ને મારું મન ગમતું કરીયું;
કે બ્રહ્માનંદનું કારજ સરીયું રે. મોહી. ૫

## પદ - ૪

કે વર્યા મેં તો રંગભર વાલાને,
કે લટકાળા નંદલાલાને રે. વર્યા.
કે કીધું મેં તો નિશ્ચય વિચારી, કે દુરીજન થાક્યાં મુને વારી;
કે ધર્યા વરએક ગિરધારી રે. વર્યા. ૧
કે જેમ રણશૂરાની લગની, કે ઉડે જેમ તોપ બાણ અગની;
કે પાની ન ધરે પાછી પગની રે. વર્યા. ૨
કે સતી જેમ પાછું નવ ભાળે, કે તન કેરાં સુખને ટાળે;
કે અગનીમેં અંગ પરજાળે રે. વર્યા. ૩
કે શૂરો કાયર થાય ડરી, કે સતી ઘેર આવે પાછી ફરી;
કે માત પિતામાં ખોટ ખરી રે. વર્યા. ૪
કે બ્રહ્માનંદ એમ જોવું પહેલું, કે દેખીને નવ થાવું ઘેલું;
કે કામ કઠણ છે નથી સહેલું રે. વર્યા. ૫



## (૧૪) રાગ સોલા પદ - ૧

મારે મહોલે આવો હસીને બોલાવો,
રે રંગભીના છેલા નંદજીના. છોજીરાજ. ૧
પાઘડલી પેચાળી, બાંધી છે રૂપાળી,
રે લટકાળા, મોતીડાંવાળા. છોજી. ૨
કાના ગિરધારી, મૂરતિ તારી,
રે મન માની, છેલ ગુમાની. છોજી. ૩
બ્રહ્માનંદના પ્યારા, શોભોછો સારા,
રે કેસરિયા, રંગના ભરિયા. છોજી. ૪

## પદ - ૨

નંદજીના લાલા, લાગોછો વહાલા,
રે નવરંગી, લેર તોરંગી. છોજી. ૧
નેણુંનો નજારો, મુને અતિ પ્યારો,
રે અળવીલા, છેલછબીલા. છોજી. ૨
કુંજના વિહારી, મૂરતિ તારી,
રે હરિ મોરી, જીવનદોરી. છોજી. ૩
બ્રહ્માનંદ કહે છે, મન મારું રહે છે,
રે વેણામેં, તારાં નેણામેં. છોજી. ૪

## પદ - ૩

આંખ્યું અણિયાળી, માવા મરમાળી,
રે કાંઈ કીધું, મનમારું લીધું. છોજી. ૧
મંદિર પધારો, જન્મ સુધારો,

રે છોગાં મેલી, બળવંત બેલી. છોજી. ૨
સુંદર સોહાગી, લગની લાગી,
રે તમ સંગે ભીને રંગે. છોજી. ૩
બ્રહ્માનંદ ગાવે, મૂરતિ સોહાવે,
રે રહો તાજા, વ્રજના રાજા. છોજી. ૪

**પદ – ૪**

શોભે માથે તોરા, આવોને ઓરા,
રે ધીરે ગાતા, રંગના રાતા. છોજી. ૧
કોટે પરવાળાં, લાગેછે રૂપાળાં,
રે નેણું ઘેરી, લાલજી લહેરી. છોજી. ૨
શ્યામ સલુણા, નેણુંમેં ટુણા,
રે વ્રજદાણી, હું લોભાણી. છોજી. ૩
બ્રહ્માનંદ વારું, તનમન મારું,
રે તમ માથે, સદા મારે માથે. છોજી. ૪

---------------

**(૧૫) રાગ : સોલા પદ – ૧**

પ્યારા ઘનશ્યામ, પૂરણકામ,
રે આવો ઓરા, ખોશું માથેતોરા. મારારાજ
ધર્મકુમાર, જાઉં બલિહારી,
રે લાગે પ્યારી, મૂરતિ તમારી. મારા.
નખશિખ જોવું, ચિત્તડું પરોવું,
રે ચરણોમેં, કરું પરણામ. મારા.



ઉર્ધ્વરેખા રૂડી, અંત સમે મૂડી,
રે નખમાંહી, ચિહ્ન સુખદાઈ. મારા.
જોઈ પ્રેમાનંદ, આનંદ કંદ, રે નખમણિ,
શોભા જગ તણી. મારા.

**પદ – ૨**

કૃષ્ણ શ્રીહરિ, ઉભા રહોને જરી,
રે નેણાં આગે, મન મારું લાગે. મારા.
જોઉં ફણા ઘુંટી, પીંડી સાથળ ડુંટી,
રે શ્યામ કટિ, જાય દુઃખ મટી. મારા.
ઉદર નીરખી, કરું માંહી બકી,
રે વળી વળી, નીરખું ત્રિવળી. મારા.
હૃદય વિશાળ, માંહીમોતી માળ,
રે અતિ શોભે, જોઈ મન લોભે. મારા.
જોવા છાપ ચિહ્ન, પ્રેમાનંદ દીન,
રે સ્તન શ્યામ, અતિ સુખધામ. મારા.

**પદ – ૩**

નારાયણ નામ, રટું આઠો જામ,
રે મારા સ્વામી, અંતરજામી. મારા.
શોભાના ભંડાર, જાઉં બલિહાર,
રે ભુજા જોઈ, મન રહ્યું મોહી. મારા.
અભય ઉદાર, ચિહ્ન તે અપાર,
રે જોઈ બળ, જનમ સુફળ. મારા.

કરી કર સમ, ઓધાર્યા અધમ,
રે માથે મેલી, ચાંપ્યા મેં સાહેલી. મારા.
રાતી હથેળીમાં, રેખા સુખસીમા,
રે નખચંદ, નીરખે પ્રેમાનંદ. મારા.

**પદ – ૪**

નમું કરજોડી, બુદ્ધિ છે થોડી,
રે શું ગાઉં, પાર ન પાઉં. મારા.
જોઈ કંબુકંઠ, મદન અટંટ,
રે થયો દીન, પરમ પ્રવીણ. મારા.
વદન વિલોકી, ભકતજન કોકી,
રે જોઈ ફુલ્યા, તન શુદ્ધ ભૂલ્યા. મારા.
ચંદ્રનો પ્રકાશ, શશી મુખ હાસ,
રે કુંદકળી, દંત આવળી. મારા.
અધર પ્રવાળ, રૂપની જાળ,
રે નાની રેખે, પ્રેમાનંદ દેખે. મારા.

**પદ – ૫**

મળ્યા ભકત ટોળે, જમણે કપોળે,
રે તિલજોવા, ચિત્તમાં પરોવા. મારા.
નાસિકા નમણી, સીમા શોભાતણી,
રેઅણિયાળાં, નેણાં મરમાળાં મારા.
નેણુંને ચાળે, ભ્રકુટિ ઉલાળે,
રે ઘેલાં કીધાં, ચિત્ત ચોરી લીધાં. મારા.



ભાલ વિશાળ, તિલક રસાળ,
રે કેસરનું, શોભે હરિવરનું. મારા.
શિખા છબીદાર, નીરખે વારંવાર,
રે એક મન, પ્રેમાનંદ ધન્ય. મારા.

---------------

**(૧૬) રાગ ધોળ પદ – ૧**

હેલી જોને આ નંદકુમાર, સલુણો શોભંતા;
ચાલે મદઝર ગજની ચાલ, રસીક ચિત્ત લોભતા. ૧
પ્યારી લાલ સુરંગી પાઘ, અલૌકિક બાંધણી;
છુટા પેચ ઝુક્યા ચહુકોરે, અધીક શોભા બણી. ૨
રૂડી રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેશર તિલક અનુપ, વધારે ભાવને. ૩
ઉભા અળવ કરે અલબેલ, સખાના સંગમાં;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેશ્વર રંગમાં. ૪

**પદ - ૨**

શોભે નટવરજીને શીશ, કલંગી વાંકડી;
પોખરાજ પીરોજા લાલ, મોતીડેથી જડી. ૧
તોરો ફુલતણો નવરંગ, મોલીડા ઉપરે;
જોઈને કહાન કુંવરનું રૂપ, મારાં નેણાં ઠરે. ૨
સખી આંટાદાર અનુપ, પીયાજીની પાઘડી;
તેતો વિસરે નહી પલ એક, જીવડલામાં જડી. ૩

ઝળકે કુંડળ કાનુંમાંય, કે મોઘા મુલનાં;
બાંધ્યાં બ્રહ્માનંદને નાથ કે, બાજુ ફુલનાં. ૪

**પદ - ૩**

આંખલડી શરદ સરોજ, રસીલા લાલની;
દેખી મનડું પામે મોહ, તીલક છબી ભાલની. ૧
નાસા સુંદર દીપ સમાન, અધિક શોભી રહી;
મુખ નીરખીને [1]શશીયર જ્યોત, ગગન ઝાંખી થઈ. ૨
લીધી લટકાળે નંદલાલ કે, હાથ કબાણને;
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને. ૩
કાજુ મોતીડે જડીત કટાર, કરમ કસી લીધલો;
નીરખી બ્રહ્માનંદ કહે જન્મ, સુફળ મારો કીધલો. ૪

**પદ - ૪**

સખી કેશરભીનો કાન, ઠરે જોઈ છાતડી;
રૂડી આંખડલીમાં રેખ, મનોહર રાતડી. ૧
બેની સાંભળતાં ગુલતાન, થઈ એના ગીતમાં;
રસીયાવર કેરો રંગ, ચડ્યો મારા ચિત્તમાં. ૨
સમઝાવી મુજને શ્યામ, નેણું કેરી સાનમાં;
મુને મગન કરી મસ્તાન, અમૃત રસ પાનમાં. ૩
કાજુ રાજે છે ગૌળ કપોળ, સુભગ તીલ ત્રાજવી;
શોભે બ્રહ્માનંદનો નાથ, રસીલો રાજવી. ૪

---------------

૧- ચંદ્રમા



**(૧૭) રાગ : ગરબી પદ - ૧**

તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી ;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મુરતિ મરમાળી .
ચટક રંગીલા તારા મોળીડાને છેડે,
મનડું ડોલે છે કેડેકેડે રે. મોહન. ૧
રંગડો જામ્યો છે ફુલડાંને તોરે,
ભ્રમર ભમે છે ચહુકોરે રે - મોહન. ૨
ભાલ તિલક કેસર કેરું રાજે,
મુખ જોઈ શશિયર લાજે રે- મોહન. ૩
બ્રહ્માનંદ કહે સરવસ વારું,
રૂપ જોઈને વહાલા તારું રે - મોહન. ૪

**પદ - ૨**

તારાં લટકાં પ્યારાં મુને લાગે રે, લહેરી લટકાળા ;
હું તો રીઝી સલુણા ઘેરે રાગે રે, છેલા છોગાળા.
સુંદર નેણ કમળદળ જેવી,
ભ્રકુટી ભ્રમર રહ્યા સેવીરે. લહેરી. ૧
ગૌર કપોળે [1]સુભગ તિલ ત્રાજુ,
કોમળ નાસા કાજુરે. લહેરી. ૨
અધર ઉપર જાણે કુંકુમ ઢળીયું,
દંત દાડમ કેરી કળીયુંરે. લહેરી. ૩
બ્રહ્માનંદ કહે સામું જોઈને,
મનડું લીધું છે મારું પ્રોઈનેરે. લહેરી. ૪

૧- શોભાયમાન.

### પદ - ૩

વહાલી લાગે છે મુખડાંની વાણી રે, પ્રીતમજી પ્યારા ;
મીઠે મરકલડે લોભાણી રે, સુંદર વર સારા.
નટવર આડી નજરે નિહાળી,
રંગડાની રેલું વાળી રે. પ્રીતમજી. ૧
મધુર મધુર મુખ હાસ કરીને,
લીધા છે પ્રાણ હરીને રે. પ્રીતમજી. ૨
મનમોહન તારી નૌતમ મુરતિ,
નિમખ ન મેલું મારા ઉરથીરે. પ્રીતમજી. ૩
બ્રહ્માનંદ કહે રીઝી તારે રાગે,
અહોનિશ રહેજો મારીઆગેરે. પ્રીતમજી. ૪

### પદ - ૪

તારાં છોગલીયાંની છબી ભારી રે, કુંવર કાનુડા;
છેલા ગુણવંતા ગિરધારી રે, લાગો છો રૂડા.
પ્રાણજીવન શિરકેશ રૂપાળા,
કાળા ખીંટલીયાળા રે. કુંવર. ૧
લાલકસુંબી તારા મોલીડાને ચટકે,
જોઈને મોહીછું કરલટકે રે. કુંવર. ૨
કુંડળની છબી નથી રે કહેવાતી,
નીરખી ઠરે છે મારી છાતી રે. કુંવર. ૩
બ્રહ્માનંદ કહે રહોને રંગીલા,
આંખલડીમાં અલબેલા રે. કુંવર. ૪



### (૧૮) રાગ : ગરબી પદ - ૧

ધર્મ કુંવર ઘનશ્યામજી,
મારા પ્રાણતણા આધાર જોઈને જીવુંછું.
તન મન ધન તમ ઉપરે, લઈ વારું વાર હજાર. જોઈ.
સુંદર મૂર્તિ મોહની, મારા મનમાં ખુંતી રાજ. જોઈ.
તમ વિના મને કાનજી, બીજું કાંઈ નવ સુઝે કાજ. જોઈ.
પાંપણપર આંટો દઈ, તમે બાંધી પાઘ અનુપ. જોઈ.
કોટિક કંદર્પ વારણે, લઈ વારું એવું રૂપ. જોઈ.
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રકુટિ કામ કબાણ. જોઈ.
કમળનયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છો પ્રાણ. જોઈ.
મધુર મધુર હસવું જોઈને, વાધે પ્રેમ અપાર. જોઈ.
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર. જોઈ.
[૧]વામ કરણમાં શ્યામ છે, તિલ નિરખ્યા જેવો નીત. જોઈ.
તિલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત. જોઈ.

### પદ - ૨

શીકહું શોભા અંગની,
જોઈ લોચનીયાં લોભાય. ચિત્તડું ચોરે છે.
નિરખી નાસાકીરની, મારાં ભવનાં પાતક જાય. ચિત્ત.
અધર પ્રવાળાની ઉપમા, જાણે [૨]કુંદકળી સમ દાંત. ચિત્ત.
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત. ચિત્ત.
વક્ષસ્થલ વહાલું ઘણું, મને મળવા વાધે પ્રીત. ચિત્ત.
[૩]આજાનબાહુ ઉર ધરી, આવો મળીએ મોહન મીત. ચિત્ત.

*૧- ડાબા, ૨- મોગરાની કળી, ૩- ઢીંચણ સુધીના.*

ઉદરમાં ત્રિવળી પડે, ઉંડી નાભી નૌતમ જોઇ. ચિત્ત.
શ્યામ કટિ સોહામણી, ઉરુમાંહી રહ્યું મન મોઇ. ચિત્ત.
જાનું જુગલ છબી જોઇને, મારો સુફળ થયો અવતાર. ચિત્ત.
પીંડી પાની નીરખતાં, મારો દૂર થયો સંસાર. ચિત્ત.
સોળે ચિહ્ને જુક્ત છે, એવી જુગલ ચરણની જોડ. ચિત્ત.
અખંડ રહો આવી ઉરમાં, પૂરો પ્રેમાનંદના કોડ. ચિત્ત.

## પદ - ૩

નવલ સનેહી નાથજી,
રૂપાળા રાજીવ નેણ, વહાલા લાગો છો.
હસતા હસતા હેતમાં, બોલો છો મીઠાં વેણ. વહાલા.
આંખડલી અમૃતે ભરી, કાંઇ કરુણા કહી નવ જાય. વહાલા.
ચિત્ત ચોરાણું ચાલમાં, મરકલડે મન લોભાય. વહાલા.
આતુરતા નથી અંગમાં, દીસે છે શીલ સ્વભાવ. વહાલા.
પ્રેમ તણો પ્રવાહ વહે, નેણામાં નટવર નાવ. વહાલા.
ભૂધર ભાવિક ભાવના, નથી [1]અર્થાઅર્થી શ્યામ. વહાલા.
પરમારથને કારણે, પધાર્યા પૂરણકામ. વહાલા.
દીન ઉપર દયા કરી, તમે દુર્લભ દર્શન દેવ. વહાલા.
કલ્પતરુ છો કાનજી, જાણે મોટા મુનિવર ભેવ. વહાલા.
કરુણાનિધિ કરુણા કરી, તમે છોગાળા રંગ છેલ. વહાલા.
પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ. વહાલા.

૧- પદાર્થની ઇચ્છાવાળ.



## પદ - ૪

ધર્મકુંવર શ્રીકૃષ્ણજી,
તમે ભક્તપતિ ભગવાન, એ વર માગું છું.
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન. એ વર.
નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચય થાય તમારો. એ વર.
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારુ. એ વર.
મહાત્મ્ય જ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ. એ વર.
પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરક્તિ. એ વર.
હું માં તમારું ભક્તપણું, હરિ એમાં કોઇ પ્રકાર. એ વર.
દોષ ન રહે કોઇ જાતનો, એ આપો ધર્મકુંમાર. એ વર.
તમારા કોઇ ભક્તનો, મારે દ્રોહ કયારે નવ થાય. એ વર.
સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય. એ વર.
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજુર. એ વર.
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર. એ વર.

---

## *(૧૯) રાગ કાફી પદ - ૧*

કાનુડા કેડે ફરવું રે કોઇથી ન ડરવું. કાનુડા૦
દૂરિજન લોક દૂર્ભાષણ બોલે, તે હૈડે નવ ધરવું રે. કોઇ.
સગાં કુટુંબી સરવે સંગાથે, હેતડલું પરહરવું રે. કોઇ.
સંસારીથી સગપણ તોડી, કાનકુંવરથી કરવું રે. કોઇ.
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને, વ્રજજીવનજીને વરવુંરે. કોઇ.

## પદ - ૨

કાનુડા કેડે જાવું રે, સમજી છું આવું - કાનુડા૦
મોહનનું મેણું મારે માથે, કોઈ દી' બીજાની નહિ કા'વું રે.સમ.
ચૌદ લોકમાં સર્વે અબળા, તેને વરીને ખોટી થાવુંરે. સમ.
વરીએ તો નટનાગર વરીએ, અખંડ એવાતન છાવુંરે. સમ.
બ્રહ્માનંદ કહે અવરપુરુષને, વરવાથી રૂડું વિખ ખાવુંરે. સમ.

## પદ – ૩

કાનુડા કેડે ચાલી રે, થઈ મતવાલી રે - કાનુડા.
હું જાણું લોકડીયાં રે કાલાં, લોક કહે છે મુને કાલીરે. થઈ.
જે ચાલે કાનુડાની કેડે, તેની ખેપ ન જાય કેદી ખાલીરે. થઈ.
શિર જાતાં નટવર નહીં છોડું, ટેક અચળ ઉર ધારીરે. થઈ.
બ્રહ્માનંદના નાથ સંગાથે, લાગી છે રંગડાની તાળીરે. થઈ.

## પદ - ૪

કાનુડા કેડે જાઈએ રે, શીદને લજાઈએ. કાનુડા.
લાજ વિના લોકડિયાં તેથી, દુર્બળ થઈ ન દબાઈએરે. શીદ.
વ્રજજીવનને ભજતાં જે વારે, નામ તેનું લઈ નાહીએરે. શીદ.
કહોને સારું શું રે થવાનું, લોક તણી મોટાઈએરે.શીદ.
બ્રહ્માનંદ કહે નિઃશંક થઈને , ગોવિંદના ગુણ ગાઈએરે. શીદ.

---------------

## (૨૦) રાગ : ગરબી પદ – ૧

ઓરા આવો મારા લેરખડા લે'રી,
કીધો તમ સારુ મેં જગવેરી. ઓરા. ૧



કાજુ નૌતમ જામા જરકસિયા,
શોભે પાઘડલી શિર સોનેરી. ઓરા. ૨
નંગ જડિયલ બાજુ બેરખડા,
કર પોંચી હેમકડાં પે'રી. ઓરા. ૩
તમે રસિયા રંગડાના ભરિયા,
મુખ મોરલડી વાતા ઘેરી. ઓરા. ૪
બ્રહ્માનંદના છે લાછોગાળા,
ચાલોચાલ મલપતા ગજ કેરી. ઓરા. ૫

## પદ – ૨

મરમાળા મનમાન્યા માવા,
રહોને આંખડલી આગે આવા. મર. ૧
તારાં મનમોહન મીઠાં વેણાં,
આવો શ્યામ તમે મુંને સંભળાવા. મર. ૨
નિત્ય વાલમ આવો મારે મંદિરીયે,
રૂડી ચાલ ચતુરાઈ શિખાવા. મર. ૩
તમે નાવો તો હું નંદજીને ફળિયે,
બહુ હેત કરીને આવું બોલાવા. મર. ૪
બ્રહ્માનંદના બાળ સનેહીડા,
રાખું જોર કરીને નહીં દઉં જાવા. મર. ૫

## પદ – ૩

વ્હાલું લાગે મુને મોહન મુખ તારું,
છે જો પૂરણ ચંદ્રથકી સારું. વ્હાલું. ૧

તારા મુખડાંની મીઠી લાવણ્યતા,
જોઈ કોટિ કોટિ કંદર્પ વારું. વ્હાલું. ૨
શુભ ગૌર કપોળે તિલ ત્રાજુ,
તેમાં લોભાણું મનડું મારું. વ્હાલું. ૩
તારા મુખની શોભા મરમાળા,
નિત્ય નીરખી અંતરમાં ધારું. વ્હાલું. ૪
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને,
છે જો કોડીલું કામણગારું. વ્હાલું. ૫

**પદ – ૪**

તારી મૂર્તિ મન માની મારે,
હવે શંકા જગની કોણ ધારે. તારી. ૧
લટકાળા તમને લાડકડા,
મેં તો દીઠેલ જમુનાને આરે. તારી. ૨
મનમોહન સુંદર મોળીડે,
તોરા ફુલ તણા ઝુકિયા તારે. તારી. ૩
શુભ નાસા દીપ સમાન બણી,
કાજુ નેણ કમળ કેરે અનુસારે. તારી. ૪
બ્રહ્માનંદના હાર હજારીડા,
હું તો જીવું છું તુને દેખું જ્યારે. તારી. ૫

---------------

**(૨૧) રાગ ગરબી પદ – ૧**

શોભા શી કહું રે રૂડી, વર્ણન કરતાં જાય ચિત્ત બૂડી;



હરિવર જોયા રે રંગમાં, મોહી હુંતો રસિયાજીના રંગમાં.
ઉદર અનુપમરે નિરખી, ઉપમા પીપળ પાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભે, જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે.
નાભી ઉંડી રે રૂપાળી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહાવનમાં.
હરિએ ઉપવિત રે ધારી, મુનિના મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી.

**પદ - ૨**

હરિને નિરખ્યા રે નેણે, વ્હાલાને વર્ણવું સુંદર વેણે;
શ્યામ શરીરે રે શોભે, અજાનબાહુ ચિત્તડાં લોભે. ૧
મૂર્તિ ઉંચી રે વખાણું, સવા ચોસઠતસુ પરમાણું;
સુંદર શોભે રે શરીરે, પીતપટ પહેર્યાં છે બળવીરે. ૨
ઘેરે સાદે રે ગાજે, સાંભળી મેઘનગારાં લાજે;
હસતા આવે રે પાસે, કેસર સરીખો સુગંધ શ્વાસે. ૩
કૌતુહલના રે ભરીયા, યોગકળાના પુરણ દરીયા;
બ્રહ્મવિદ્યાના રે સ્વામી, આવા રૂડા પ્રેમસખી વર પામી. ૪

**પદ - ૩**

રંગનો ભીનો રે જોઈ, હરિના જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે કેવા, નીરખી મનમાં રાખ્યા જેવા. ૧
ગોળ છે જાડા રે સ્વરૂપે, ઉપમા [૧]કદળીસ્થંભની ઓપે;
શોભીત શોભારે ધામ, વ્રજવનિતાના પુરણ કામ. ૨
સુંદર શોભે રે જાનું, નીરખી ધન્ય ભાગ્ય કરી માનું;

૧- કેળનો થાંભલો.

જંઘા જુગલને રે નીરખી, ચંદન ચરચી મનમાં હરખી. ૩
ઘુંટી અનુપમરે પાની, નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી, પૂજી પ્રેમસખી બલિહારી. ૪

**પદ - ૪**

ચરણ હરિનાં રે શોભે, જોઈ જોઈ મુનિમન મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્નતણી બલિહારી. ૧
મચ્છ તે મહાસુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુઃખડાં કાપે;
કલશ ધનુષ્યને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે. ૨
અર્ધચંદ્ર ઉગ્યો રે ભારી, સ્વસ્તિ અષ્ટકોણ મંગળકારી;
જવને જાબુંરે બિરાજે, વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે. ૩
[1]અંબુજ શોભા રે સારી, લાગે ઉર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગીરે વિચારે, નિત્ય ઉઠી પ્રેમસખી ઉર ધારે. ૪

**પદ - ૫**

એ ચરણના રે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારે રે પ્રીતે, તેણે કરી કામાદિક રિપુ જીતે. ૧
ધ્યાનમાં નખમણી રે દેખે, ઝીણી આંગળીયુંની રેખે;
જોઈ ચિહ્ન જમણેરે અંગુઠે, બીજે નવ રાચે ભામે જુઠે. ૨
ઋષિગણ પૂજે રે આનંદે, ભવબ્રહ્માદિક નિત્ય ઉઠી વંદે;
શેષ સંભારે રે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં. ૩
કુચને કુમકુમ રે સંમારી, ઉરપર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર, પ્રેમસખી કરી રાખે ઉરહાર. ૪

---

૧- કમળ.



**પદ - ૬**

સુંદર શોભે રે રસિયો, વ્હાલો મારો હૃદય કમળમાં વસીયો;
રૂપ અલૌકિક રે જોઈ, ઉપમા તોલે નાવે કોઈ. ૧
નિત્ય ઉઠી નારદ રે ગાવે, શેષ સહસ્ર મુખ પાર ન પાવે;
શ્રીનારાયણ રે સ્વામી, હું તો એ જોઈને આનંદ પામી. ૨
નખશીખ શોભા રે વખાણી, સુફળ કરું છું મારી વાણી;
અંગોઅંગને રે ગાવું, હવે હુંતો પાછી ભવમાં નાવું. ૩
હવે હુંતો થઈ છું રે માતી, હરિના ગુણ સાગરમાં ન્હાતી;
વ્હાલે મુને ઝાલી રે હાથે, રસિયે પ્રેમસખીને નાથે. ૪

---

**(૨૨) રાગ : ગરબી પદ – ૧**

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપતે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે. ૧
જગનું સુખ દુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે. ૨
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા. ૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરીયા,
સર્વે તજીને રે, નટનાગર વહાલા કરીયા. ૪
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિચારી. ૫

## પદ – ૨

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી,
ત્રિવિધિ તાપે રે, કેદી અંતર ડોલે નાહી,
નિધડક વર્તે રે, દઢ ધીરજ મનમાં ધારી,
કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી. ૧
મોડું વહેલું રે, નિશ્ચય કરી એક દિન મરવું,
જગ સુખ સારુ રે, કેદી કાયર મન નવ કરવું. ૨
અંતર પાડી રે, સમજીને સવળી આંટી,
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી. ૩
કોઈની શંકા રે, કેદી મનમાં નવ ધારે,
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે. ૪

## પદ – ૩

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી,
દઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી.
બીક તજીને રે, નિત્ય હિંમત સોતો બોલે,
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે. ૧
કેસરી સિંહને રે, જેમ શંકા મિલે નહિ મનમાં,
એકાએકી રે, નિરભે થઈ વિચરે વનમાં. ૨
પંડે છોટો રે, મોટા [૧]મેંગળને મારે,
હિંમત વિનાનો રે, હાથી તે જોઈને હારે. ૩
બ્રહ્માનંદ કહે રે, એમ સમઝે તે જન શૂરા,
તન કરી નાખે રે, ગુરુવચને ચૂરેચૂરા. ૪

---
૧- *હાથી.*



## પદ – ૪

પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા,
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા.
આમાસામા રે, ઉડે ભાલાં અણિયાળાં,
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા. ૧
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે,
જીવત જૂઠું રે, મરવું તે મંગળ જાણે. ૨
તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા,
અંતરશત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા. ૩
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે,
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે. ૪

---

### (૨૩) રાગ : ગરબી : પદ–૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાખળીયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;

સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમુલ્ય;
કોટિક રવિ શશિ રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

**પદ – ૨**

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત. ૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તારની બહુ ફોર;
ચોરે ચિત્તાને રે, હસતા કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણા કંદ. ૬



અદ્ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણીત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

**પદ – ૩**

બોલ્યા શ્રી હરિ રે,સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન. ૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાંતો જોયાની છે જુક્ત. ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ. ૩
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય. ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર. ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન. ૬
અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;

મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી. ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ. ૯

**પદ – ૪**

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનૂપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ. ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ. ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ. ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર. ૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ. ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ. ૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ. ૭
શોભે સંતમાં રે, જેમ કોઈ [1]ઉડુગણમાં [2]ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનનાં કાજ. ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર. ૯

૧- તારાનો સમૂહ, ૨-ચાદ્રમા.



**(૨૪) રાગ :- ગરબી પદ – ૧**

લટકાળા તારે લટકેરે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાં ને લીધું તાણી. ૧
છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં. ૨
રાતી આંખલડીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરીયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે. ૩
મરમાળી મૂરતિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી. ૪

**પદ – ૨**

રૂડું ભાલ તિલક રૂપાળુંરે, કોડે કીધું કેસરનું;
ભાવે હું સુંદર ભાળુંરે, કામડલું મેલીઘરનું. ૧
વાંકી ભ્રકુટિ જોઈ વનમાળી રે, મારું લોભાણું મનડું;
મોહન નાસા મરમાળીરે, દોયલી વેળાનું ધનડું. ૨
તારાં લોચનીયાં નંદ લાલારે, રંગભીના રંગનાં ભરીયાં;
વ્રજજીવન નટવર વહાલા રે, ગુણીયલ અંતરમાં ગરીયાં.૩
લટકાળા મોહની લાગીરે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શ્યામ સુહાગીરે, બેઠી જગભય ટાળીનેં. ૪

**પદ – ૩**

માણીગર મોળીડું તારું રે, સુંદર ફુલડેથી છાયું;
મોહન તેમાં મન મારું રે, ઠીક કરીને ઠેરાયું. ૧
રૂપાળું રંગનું ભરીયું રે, શોભે કોરું સોનેરી;

છોગલિયું નૌતમ ધરીયું રે, લાડકડા વાલમ લહેરી. ૨
કાજુનવલ કલંગી નીરખી રે, ચિત્તડામાં લાગી ચટકી ;
થઈ ગઇ દીવાની સરખી રે, લોકલજ્જા સર્વે પટકી. ૩
બહુ અત્તરમાં રસ બસીયું રે, ગરક કસુંબી બોળીડું ;
બ્રહ્માનંદના મનમાં વસીયું રે, મોહન તારું મોલીડું. ૪

**પદ - ૪**

વ્રજ જીવન શ્યામ વિહારી રે, લાવણ્યમાં હું લેવાણી ;
મેં તો મેલ્યો જગ વિસારી રે, કાનડ તારી કેવાણી. ૧
સુંદર વર રંગડો ચડીયો રે , મરમાળા મોહન તારો ;
જગ તૃણ સરખો ત્રેવડીયો રે, કોણ માને એનો ડારો. ૨
મારે તમથી પ્રીત બંધાણી રે, કોઈની શંકા કેમ ધરું ;
ચિંતામણી સુંદર લાધી રે, રાંક થઈને શીદ ફરું. ૩
તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરીયા ;
બ્રહ્માનંદના નાથ નવીના રે, વાલમ મેં તમને વરીયા. ૪

---------------

**(૨૫) રાગ ગરબી પદ - ૧**

વાલા રમઝમ કરતા કા'ન, મારે ઘેર આવો રે;
મારા પુરા કરવા કોડ, હસીને બોલાવો રે. ૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે.૨
વાલા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે;
હું તો જન્મોજન્મની નાથ, દાસી તમારી રે. ૩



મારા પ્રાણ તણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહો માં નટવર નાવ, મુજથી ન્યારા રે. ૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફુલડે સમારી સેજ, શ્યામ સુધારો રે. ૫
વાલા નયણાં તણું ફળ આજ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે. ૬

**પદ - ૨**

હું તો છું ઘણી નગણી નાર, તોય તમારી રે;
તમે ગુણસાગર ગોપાળ, દેવ મોરારી રે. ૧
મુને કરી પોતાની કહાન, દોષ ન જોયા રે;
તમે ગુણગ્રાહક ગોપાળ, મુજ પર મોહ્યા રે. ૨
તમે શ્યામસુંદર સુખરૂપ, કુંજ વિહારી રે;
મારે મંદિર આવો માવ, તમ પર વારી રે. ૩
મુને કરી કૃતારથ કહાન, શ્યામ સોહાગી રે;
મારે ભવની [૧]ભાવટ આજ, સર્વે ભાગી રે. ૪
મારે અમૃત વર્ષ્યા મેહ, થઈ અનુરાગી રે;
મારી તમ સંગ ત્રિભુવનરાય, લગની લાગી રે. ૫
મારા પુણ્યતણો નહિ પાર, તમ સંગ મળતાં રે;
મુક્તાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે ૬

**પદ - ૩**

મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે;
મારું મંદિરીયું મહારાજ, વૈકુંઠ કીધું રે. ૧

૧- દુઃખ.

હવે રહો રસિયા દિનરાત, કરી મન હેઠું રે;
મુને મળી ચિંતામણી શ્યામ, દુઃખ નહીં વેઠું રે. ૨
મને સરવે સૈયરમાં શ્યામ, કીધી [૧]સમોતી રે;
મારા હૈડા કેરી હામ, સર્વે પોતી રે. ૩
વાલા મુજ નગણી પર નાથ, અઢળક ઢળીયા રે;
તમે એકાંતે અલબેલ, આવીને મળીયા રે. ૪
મુને મુખથી દીધો તંબોળ, હસિને બોલાવી રે;
મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે. ૫
તમે રસિયાજી રસરીત, શું સુખ આપ્યું રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડું કાપ્યું રે. ૬

**પદ–૪**

મારા મંદિરીયામાં માવ, મોજું માણો રે;
મને શું કરશે સંસાર, ધડક મ આણો રે. ૧
હું તો તરણા તુલ્ય સંસાર, સઘળો જાણું રે;
વાલા એક તમારી બીક, ઉરમાં આણું રે. ૨
તમે ભૂપ તણા છો ભૂપ, મહા સુખકારી રે;
વાલા તન મન ધન પરીવાર, તમ પર વારી રે. ૩
તોય અધર અમૃતથી નાથ, હું ન ધરાઉં રે;
વાલા નિત્ય નૌતમ શણગાર, સજી સુખ આપ્યું રે.૪
તમે રસિયા રંગની રેલ, વાલમ વાળી રે;
હું તો મગન થઈ મસ્તાન, મુખડું ભાળી રે. ૫
મને આપ્યો અખંડ સોહાગ, કુંજવિહારી રે;

૧- સૌથી આગળ.



મુક્તાનંદ કહે મહારાજ, જાઉં બલિહારી રે. ૬

---------------

**(૨૬) રાગ ધનાશ્રી પદ – ૧**

મારા કેશરીયા વર કહાન, જાઉં તારે વારણીયે;
મોહી છું મોરલડીને તાન, આવી ઉભી બારણીયે. ટેક.
આવી વસ્યું છે મારે અંતરે રે, વાલા રૂપ અલૌકિક તારું;
છેલ છબીલા તારું છોગલું રે, મને પ્રીતમ લાગે પ્યારું. જાઉં.
શુભગ સોના કેરાં સાંકળારે, માંહી ચુની રતન જડાવું;
નવલ રંગીલા મારા નાથજી રે, હુંતો પ્રેમ કરીને પેરાવું. જાઉં.
ફુલતણી રે માળા ફુટડી રે, વારી પ્રાણજીવન તમે પેરી;
બ્રહ્માનંદના વાલમા રે, મારા લાડકડા રંગ લેરી. જાઉં.

**પદ - ૨**

મોહી છું ભીને વાન, મોહન મરમાળા રે;
થઈ રૂપ જોઈને ગુલતાન, રસિયા રૂપાળા રે. ટેક.
રસીક સલુણા રૂડા રૂપમાં રે, વારી મનડું આવી મોહ્યું;
છેલ છબીલા મારું ચિત્તડું રે, તારી પાઘલડીમાં પ્રોયું. મોહન.
ભાલ તિલક સોયામણું રે, મીઠી મુખડાં કેરી વાણી;
કુંડળીએ રે તારે કાનજી રે, મારું મનડું લીધું તાણી. મોહન.
અંબર આભૂષણ અંગમાં રે, નિત્ય પહેરીને દર્શન દેવું;
બ્રહ્માનંદના વ્હાલમા રે, વહાલા બીજું નહી તમ જેવું. મોહ.

**પદ - ૩**

મારા શ્યામળીયા સુખધામ, મોહી છું મરકલડે;

તમને જોઈને સુંદર શ્યામ, ચિત્તડે રંગ ચડે રે. ટેક.
તમ કારણ મારા નાથજી રે, મેં તો જગની લજ્જા ત્યાગી;
રસીયા તારા રૂપમાં રે, મારી લગની અહોનિશ લાગી. મોહન.
હાથ કડાં બેઉ હેમનાં રે, તમે પેર્યાં પ્રીતમ પ્યારા;
નટવર રાખું નયણમાં રે, નિત્ય મોહન જીવન મારા. મોહન.
છબી જોઈને તારી છેલવર, મારી મનવૃત્તિ લોભાણી;
બ્રહ્માનંદના વાલમા રે, આવી તમ સંગ પ્રીત બંધાણી. મોહન.

**પદ - ૪**

મારા લેરખડા નંદલાલ, વાલી તારી વાતડલી રે;
જોઈને ચટક રંગીલી રૂડી ચાલ, ઠરે છે મારી છાતડલી રે. ટેક.
વ્રજજીવન તારી વાતડી રે, મારે પ્રીતમ અંતર પેઠી;
નીમખ ન મેલું મારા નાથજી રે, હું તો સમરું સુતી બેઠી. વાલી.
રાજેશ્વર તારા રૂપમાં રે, મેં તો મન વૃત્તિ ઠેરાવી;
મોહન તારી મૂરતિ રે, રહી આંખડલીમાં આવી. વાલી.
અજબ સોનેરી પહેરી ઉતરી રે, માંહી માણેક જડીયેલ મોતી;
બ્રહ્માનંદના વાલમા રે, હું તો જીવું છું નિશદિન જોતી. વાલી.

---------------

**(૨૭) રાગ ગરબી પદ - ૧**

મારે આજ પ્રીતમ ઘેર આવશે રે,
મુને હેતે કરીને બોલાવશે જીરે. મારે આજ. ટેક.
એના સાથીડાને સાથે લાવશે રે;
કરી લટકાં તાળી દઈ ગાવશે જીરે. મારે આજ. ૧



હરિ હેતે કરીને સામું ભાળશે રે;
રંગડાની તે રેલું વાળશે જીરે. મારે આજ. ૨
કરી ખ્યાલ અલૌકિક ખેલશે રે;
માથે ફુલડાંનાં છોગલાં મેલશે જીરે . મારેઆજ. ૩
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો રે;
સુખદેશે આવીને ઉતાવળો જીરે. મારે આજ. ૪

**પદ - ૨**

જોઈ રહી છું પ્રીતમજીની વાટડી રે;
મેં તો ખાંતે ઢાળી છે ખાટડી જીરે. જોઈ.
અગર ચંદને લીપાવું ઓરડા રે;
જળકુંભ ભરાવું કોરડા જીરે. જોઈ. ૧
રૂડાં ભોજન કર્યાં છે રસેભર્યાં રે;
તાજાં તરત તૈયાર ઢાંકી ધર્યાં જીરે. જોઈ. ૨
મેં તો સજજ કરાવી શેરીયાં રે;
ચોકે ચોકે તે ફુલડાં વેરીયાં જીરે. જોઈ. ૩
બ્રહ્માનંદના સ્વામીને કોડલે રે;
મેં તો તોરણ બંધાવ્યાં ટોડલે જીરે. જોઈ. ૪

**પદ - ૩**

ધન્ય ધન્ય ઘડી છે આજની રે;
રૂડી ખબર આવી મહારાજની જીરે. ધન્ય.
સખી હળી મળી મંગળ ગાય છે રે;
અતિ આનંદ ઉભરાયો જાય છે જીરે. ધન્ય. ૧

મોતી થાળ ભરીને ટોળે મળી રે;
સખી હરિને વધાવા થઈ આકળી જીરે. ધન્ય. ૨
સર્વે ઘરનો તે ધંધો વિસરી રે;
હરિને મળવા આતુર થઈ સુંદરી જીરે. ધન્ય. ૩
ઘરમાંથી આવીને ઊભી બારણે રે;
બ્રહ્માનંદના સ્વામીને કારણે જીરે. ધન્ય. ૪

**પદ - ૪**

મારે આજ પ્રીતમ ઘેર આવીયા રે;
ભરી મોતીડે થાળ વધાવીયા જીરે. મારે આજ.
પહેલાં નીર ઉને નવરાવીયા રે;
પછી પ્રીતમ માંહી પધરાવીયા જીરે. મારે આજ. ૧
મેં તો ભોજન જમાડ્યાં ભાતભાતનાં રે;
વહાલે આપ્યાં તે સુખ એકાંતનાં જીરે. મારે આજ. ૨
પે'લું પરઠયું હતું તે વેણે પળ્યા રે;
વાલો હેતે કરીને મુજને મળ્યા જીરે. મારે આજ. ૩
બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી રે;
મારો વહાલોજી પધાર્યા સેજડી જીરે. મારે આજે. ૪

---------------

**(૨૮) રાગ ગરબી - પદ - ૧**

મેંતો સગપણ કીધું રે, કે શામળિયા સાથે;
માવાનું મહેણું રે, કે લીધું છે માથે. ૧
તન મન ધન સર્વે રે, કે મિથ્યા ધારીને;



વરી મગન થઈનેરે, કે કુંજવિહારીને. ૨
તુચ્છ જાણી સર્વે રે, કે લજ્જા ત્યાગીને;
મોહનનું મેણું રે, કે લીધું માગીને. ૩
દુર્મતિ દુર્જનીયાં રે, કે કહીને શું કરશે;
પોતાને પાપે રે, કે બળી બળીને મરશે. ૪
મતવાલા સંગે રે, કે થઈ છું મતવાલી;
માથાથી મોંઘા રે, કે કીધા વનમાળી. ૫
ખાંતે હું ખેલું રે, કે સુંદરવર સંગે;
બ્રહ્માનંદ કહે રીઝી રે, કે રસિયાને રંગે. ૬

**પદ - ૨**

મારે મંદિર નાવો રે, કે મોહન શા માટે;
શિર જાશે ઘોળ્યું રે, કે વાલમ તમ સાટે. ૧
શું કરશે ઘોળ્યાં રે, કે જુઠાં સંસારી;
ધરશોમાં શંકા રે, કે મનમાં ગિરધારી. ૨
જગજીવન તમને રે, કે સાચા જાણીને;
કોણ માને જગની રે, કે ખોટી વાણીને. ૩
મારે મનડે ભાવ્યા રે, કે મોહન મરમાળા;
સો માથાં જાતાં રે, કે સોંઘા છોગાળા. ૪
તમ સાથે જોડી રે, કે સૌથી તોડીને;
દુરીજન શું કરશે રે, કે મુખડાં મોડીને. ૫
શિર સાટે સમજીરે, કે બાંધ્યું છે બેલું;
બ્રહ્માનંદના વાલા રે, કે તમને કેમ મેલું ૬

## પદ - ૩

સમજીને સહ્યો રે, કે હરિ તારો છેડો;
મનમોહન મેલું રે, કે કેમ કરીને કેડો. ૧
તમ સાથે બંધાણી રે, કે આવી પ્રીતડલી;
ભુધર ભાગી છે રે, કે ભવની ભીતડલી. ૨
પીયર સાસરીયું રે, કે સૌ લાગે ખારું;
મોહન તમ સાથે રે, કે મન માન્યું મારું. ૩
નિશ્ચયની નોબત રે, કે વાલમ વાગી છે;
તમ સારુ જગની રે, કે લજ્જા ત્યાગી છે. ૪
નટવર તમ સંગ રે, કે લાગ્યો છે નેહડો;
ડોલરીયા ઘોળ્યો રે, કે તમ ઉપર દેહડો. ૫
બ્રહ્માનંદના વાલા રે, કે વહાલ વધારોને;
પોતાની જાણી રે, કે સેજ પધારોને. ૬

## પદ - ૪

અવસર આવ્યો છે રે, કે તમને ભજવાનો;
તનની ઉપાધી રે, કે સર્વે તજવાનો. ૧
ધારું નહિ માથે રે, કે ધણિ દેહધારિને;
તમ ઉપર સર્વે રે, કે નાખું વારીને. ૨
અવતાર ધર્યો છે રે, કે તમને વરવાને;
કુળની મર્યાદા રે, કે ખોટી કરવાને. ૩
અમૃત રસ મેલિ રે, કે વિખ હું નહિ ચાખું;
રસીયા તમ વિના રે, કે વહાલું નહિ રાખું. ૪



શું કરશે મુજને રે, કે કુડાં લોકડિયાં;
જગજીવન મારે રે, કે જીવડલે જડીયાં. ૫
બ્રહ્માનંદના વહાલા રે, કે માં દેશો વિસારી;
તન મન ધન સોંપી રે, કે થઈ રહી છું તારી. ૬

---------------

## (૨૯) રાગ : ઘોળ પદ–૧

મેંતો સરવે સંઘાથે તોડી રે, સાહેલી.
એક જગના જીવન સાથે જોડી રે. સાહેલી. ૧
શું કરશે પિયર સાસરિયાં રે, સાહેલી.
મેંતો સમજીને પગલાં ભરિયાં રે. સાહેલ. ૨
મેંતો નિશ્ચે કર્યું મનમાંથી રે, સાહેલી.
શિર સાટે એ વર ક્યાંથી રે. સાહેલી. ૩
પહેલું માથું પાસંગમાં મેલ્યું રે, સાહેલી.
પછી વરવાનું બીડુ ઝીલ્યું રે. સાહેલી. ૪
હું તો રહું નહિ કોઈની વારી રે, સાહેલી.
ધાર્યા એક ધણી ગિરધારી રે. સાહેલી. ૫
છાની વાત એ નહિ છાવી રે, સાહેલી.
બ્રહ્માનંદના વાલાની કહાવી રે. સાહેલી. ૬

## પદ – ૨

જોયું સરવે જગત તપાસી રે. રઢ લાગી.
એક પુરુષ દીઠા અવિનાશી રે. રઢ લાગી. ૧
બીજી અબળાની સરવે ટોળી રે, રઢ લાગી.

દીઠું ચૌદ ભુવન લગી ખોળી રે. રઢ લાગી. ૨
અબળા અબળા ને શું પરણું રે, રઢ લાગી.
માટે બળિયાનું લીધું શરણું રે. રઢ લાગી. ૩
કાન કુંવરથી સગપણ કીધું રે, રઢ લાગી.
એનું મેણું મેં માથે લીધું રે. રઢ લાગી. ૪
શીર નાખ્યો હવે મેંતો છેડો રે, રઢ લાગી.
લાગ્યો નંદના નંદન સાથે નેડો રે. રઢ લાગી. ૫
સરવે અવર પુરુષ પર હરીયા રે, રઢ લાગી.
બ્રહ્માનંદના વાલાને વરિયા રે. રઢ લાગી. ૬

**પદ – ૩**

શું કરશે સંસારી કહિને રે, હરિ વરિયા.
ચાલી જગ માથે પગ દઈને રે. હરિ વરિયા. ૧
જેમ શૂરો રણમાં ખેલે રે, હરિ વરિયા.
શત્રુ સનમુખ પગલાં મેલે રે. હરિ વરિયા. ૨
થઈ નિશંક લડાઈ લેવે રે, હરિ વરિયા.
કેદી પાછા પગ નવ દેવે રે. હરિ વરિયા. ૩
એમ સમજીને હું તો ચાલી રે, હરિ વરિયા.
મનમાં મરવાની આંટી ઝાલી રે. હરિવરિયા. ૪
સૌ સાથે મેં નાતો તોડ્યો રે, હરિ વરિયા.
હથેવાળો હરિ શું જોડ્યો રે. હરિ વરિયા. ૫
બ્રહ્માનંદ કહે થઈ મતવાલી રે, હરિ વરિયા.
માથા સાટે વર્યા વનમાળી રે. હરિ વરિયા. ૬



**પદ – ૪**

એવી અંતર આંટી પાડી રે. સુણ બેની.
ઉખડે નહિ કોઈની ઉખાડી રે. સુણ બેની. ૧
જેમ ચાતક આંટી રાખે રે, સુણ બેની.
વિના સ્વાતિ નીર નવ ચાખે રે. સુણ બેની. ૨
જેમ કેસરી ઘાસ ન ખાય રે, સુણ બેની.
સો લાંઘણ કરિ મરિ જાય રે. સુણ બેની. ૩
એમ નિશ્ચય વિઠ્ઠલને વરવું રે, સુણ બેની.
નહિતો સાવ કુંવારાં મરવું રે. સુણ બેની. ૪
બીજા પુરુષ સામું નવ જોવું રે, સુણ બેની.
ચિત્ત પાતળિયામાં પ્રોવું રે. સુણ બેની. ૫
બ્રહ્માનંદ કહે પહેલું વિચારી રે, સુણ બેની.
પછી વાત કાઢી મેં બારી રે. સુણ બેની. ૬

---------------

***(૩૦) રાગ : ગરબી પદ – ૧***

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું, રે સગ.
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી. રે-સગ. ૧
રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા તોડી;
મેં જગના જીવન સાથે જોડી. રે-સગ. ૨
રે ફોગટ કેરા નવ ફરીએ, રે પર ઘર પાણી શું ભરીએ;
રે વરીએ તો નટવરને વરીએ. રે-સગ. ૩

રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગો. રે-સગ. ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મહેણું તે શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું. રે-સગ. ૫

**પદ - ૨**

રે લગની તો હરિવરથી લાગી, મેં તન ધનની આશા ત્યાગી. રેલ૦
રે વાત કહું સુણ સાહેલી, રે બળિયોજી કીધા બેલી;
માથું પહેલું પાસંગમાં મેલી. રે લગની. ૧
રે ન ડરું હું લોકતણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે;
આ દેહ ધર્યો નટવર કાજે. રે લગની. ૨
રે શિર પર જો બીજો ધારું, રે તો બગડે જીવતર મારૂં;
હું જીતી બાજી તે કેમ હારું. રે લગની. ૩
રે હરિ વીના બીજાને વરવું, રે ગજ તજી ખર ચડીને ફરવું;
એ જીવ્યાથી રૂડું મરવું. રે લગની. ૪
રે મરજાદા જગની મેટી, રે બાંધી મેં પ્રેમ તણી પેટી;
બ્રહ્માનંદનો વહાલો ભેટી. રે લગની. ૫

**પદ - ૩**

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવભરીએ.રે
રે અંતરદૃષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું;
એ હરિ સારું માથું ધોળ્યું. રે શિર. ૧
રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણમધ્યે જઇને નવ ડરીએ;
ત્યાં મુખપાણી રાખી મરીએ. રે શિર. ૨



રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને;
તે શું જીવે ભુંડું મુખ લઈને. રે શિર. ૩
રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે યુદ્ધે નવ ચડીએ;
જો ચડીએ તો કટકા થઇ પડીએ. રે શિર. ૪
રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ;
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ. રે શિર. ૫

**પદ - ૪**

રે ધરીયા અંતર ગિરધારી, શું કરશે ઘોળ્યાં હવે સંસારી. રે ધરી.
રે હું કોઈની ન રહું ઝાલી, રે વહાલાને થાવા વાલી;
રે શિર કરમાં લઈને ચાલી. રે ધરીયા. ૧
રે જેમ ગજ જાય બજારે ધસી, રે શ્વાન મરે બહુ ભસીરે ભસી;
તે હાથીને નહીં શંકા કશી. રે ધરીયા. ૨
રે બળવા ગઇ જો સતી સાચી, રે રોમરોમ પિયાસંગ રાચી;
તે પળમાં જઇ ન વળે પાછી. રે ધરીયા. ૩
રે જો પળથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે;
તે સતી મટીને કુત્તી કા'વે. રે ધરીયા. ૪
રે બ્રહ્માનંદ એમ વિચારી, રે બીક સર્વે કાઢી બારી;
રે મળીયા મોહન સુખકારી. રે ધરીયા. ૫

---

**(૩૧) રાગ : ગરબી પદ - ૧**

ભજો ભાવશું અખંડ જપમાળા રે,
માળા ટાળે છે મન કેરા ચાળા રે. ભજો. ૧

હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. ભજો. ૨
જપો જુગલ ચરણ સુખકારી રે,
ઉર્ધ્વરેખાદિ ચિહ્ન સંભારી રે. ભજો. ૩
દશ આંગળીની માળા દશ જાણો રે,
[૧]ફણા જુગલની જુગલ પ્રમાણો રે. ભજો. ૪
પાની જુગલ [૨]ગુલફ જુગ શોભે રે,
માળા ચાર ફેરી જનમન લોભે રે. ભજો. ૫
જંઘા જુગને [૩]જાનુ જુગ વંદે રે,
માળાચાર ફેરી સંત આનંદે રે. ભજો. ૬
[૪]ઉરૂ જુગલની માળા જુગ ફેરે રે,
નાભી વર્તુલ સમાન પ્રીતે હેરે રે. ભજો. ૭
નાભી ઉદર જુગલ સ્તન જોઈરે,
માળા ચાર ફેરી રહે જન મોહી રે. ભજો. ૮
ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલીહારી રે. ભજો. ૯
કર આંગળીની માળા દશ કા'વે રે,
જોતાં ભક્તને આનંદ ઉપજાવે રે. ભજો. ૧૦
કંઠ [૫]ચિબુકની માળા જુગ ફેરી રે,
મુખ પંકજ ઉમંગે રહે હેરી રે. ભજો. ૧૧
મુખ નાસિકા જુગલ [૬]દગ હેરે રે,
માળા ચાર ચારે અંગ જોઈ ફેરે રે. ભજો.૧૨

૧- પગની આંગળીનો નીચેનો ભાગ, ૨- ઘુંટી, ૩- ઢીંચણ, ૪- સાથળ, ૫- હડપચી, ૬- ચક્ષુ.



કાને કુંડળ વહાલાને જુગ કા'વે રે,
ફેરી માળા ઉભે દાસ મન ભાવે રે. ભજો.૧૩
જોતાં જુગલ ભ્રકુટિ ડરેકાળ રે,
પ્રેમે જોઈ દાસ જપે જુગ માળ રે. ભજો. ૧૪
ભાલ તિલક સહિત વ્હાલું લાગે રે,
જપે માળા એક દાસ અનુરાગે રે. ભજો. ૧૫
માથે પાઘ તોરા સહિત રૂપાળી રે,
ફેરે માળા જન જુએ વનમાળી રે. ભજો. ૧૬
એવી રીતે થઈ માલિકા પચાસ રે,
જપે જન્મ મરણ કરે નાશ રે. ભજો. ૧૭
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે,
પ્રેમે મુક્તાનંદે ઉર ધરી લીધી રે. ભજો. ૧૮

---

### *(૩૨) રાગ : ગરબી પદ – ૧*

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ. ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશીખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમીરે લોલ. ૪

## પદ – ૨

આવો મારા મોહન મીઠડા લાલ કે, જોઉં તારી મુરતિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ. ૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તીલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ. ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કારજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ કે, ચિત મારાં ચોરીયાં રે લોલ. ૪

## પદ – ૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ;
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ. ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ. ૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ. ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ કે, તમ કેડે ભમે રે લોલ. ૪

## પદ – ૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચ્હાય કે, જાય ચિતડું ચળીરે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડાં તિલ ચાર છે રે લોલ;



વહાલા તારા કંઠ વચ્ચે તીલ એક, અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં [1]વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ. ૪

## પદ – ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ. ૧
વહાલા તારી આંગળીયોની રેખા, નખમણી જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ.

## પદ – ૬

વહાલા તારી મુરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ. ૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવન પ્રાણ, હસીને બોલાવતા રે લોલ. ૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂરતિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ. ૩
આવો મારા રસિયા રાજીવ નેણ, મરમ કરી બોલતા રે લોલ;

૧- ગાંઠ સિવાયનો.

આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ. ૪

**પદ – ૭**

વાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોવું સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ. ૧
વાલા તારી નાભિ નૌતમ રૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મનરંગ ચોળ છે રે લોલ. ૨
વાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ. ૩
વાલા તારા ચરણ કમલનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ. ૪

**પદ – ૮**

વાલા તારાં જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ. ૧
વાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વાલા છેલી આંગળીયે તિલ એક, જોવાને મન દીન છે રે લોલ. ૨
વાલા તારા નખની [૧]અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવિણ છે રે લોલ. ૩
વાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ. ૪

---------------

**(33) રાગ : ગરબી પદ – ૧**

ગઈતી ગઈતી ભરવા નીર, સૈયરના સંગમાં રે લોલ;

૧- લાલાશ.



રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે લોલ. ૧
જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પુનમનો ચંદ, વદન વ્રજરાજનું રે લોલ. ૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતારે લોલ;
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતા રે લોલ. ૩
નાખી બ્રહ્માનંદનો નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિત્તમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે લોલ. ૪

**પદ – ૨**

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યાં વ્રજનારીનાં ચિત્ત, ચટકતી ચાલમાં રે લોલ. ૧
શોભે નટવરજીને સંઘ, મનોહર મંડળી રે લોલ;
કરે છે જમુના તીરે ખેલ, સખા સરવે મળી રે લોલ. ૨
હેલી મારાં લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ;
કીધાં સુખડામાં ગુલતાન, ગોપીજન સાથને રે લોલ. ૩
જોતાં આડી નજરે જોર કે, કાંઈક કો રાખતાં રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે ચોટ, નયનની નાખતાં રે લોલ. ૪

**પદ – ૩**

હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીત કરી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે લોલ. ૧
સુંદર છોગાં મેલ્યાં શીશ, કલંગી શોભતી રે લોલ;
પહેર્યા ફુલડાં કેરા હાર, અલૌકિક છબી બની રે લોલ. ૨
અતીશે આનંદ વાધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ;

આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે લોલ. ૩
સજની આમા સામા આજ, અધર રસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે લોલ. ૪

**પદ - ૪**

હેલી હું તો સંધ્યા ટાળે આજ, ઉભીતી ઘર બારણે રે લોલ;
રસિયો છેલ છબીલો શ્યામ કે, જોવા કારણે રે લોલ. ૧
આવે ગાયું કેડે નાથ, અલૌકિક ગાવતા રે લોલ;
ઘેરી મોરલડીને સાદ કે, ધેનું બોલાવતા રે લોલ. ૨
પહેરી વન માળા વ્રજરાજ, કુંડળીયાં કાનમાં રે લોલ;
જોઈ મારું મનડું પામ્યું મોહ, સલુણાના વાનમાં રે લોલ. ૩
જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતા રે લોલ;
ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમલ કર ફેરતા રે લોલ. ૪

---------------

***(૩૪) રાગ : ગરબી પદ - ૧***

સજની શ્રીજી મુજને સાંભર્યા રે,
હૈડે હરખ રહ્યો ઉભરાય. સજની૦
નેણે આંસુની ધારા વહેરે,
વિરહે મનડું વ્યાકુળ થાય. સજની. ૧
સુંદર મૂર્તિ શ્રી મહારાજનીરે,
સુંદર કમળ સરીખાં નેણ. સજની. ૨
સુંદર કરતા લટકાં હાથનાંરે,
સુંદર અમૃત સરીખાં વેણ. સજની. ૩



શી કહું શોભા અંગો અંગતણીરે,
નીરખી લાજે કોટિક કામ. સજની. ૪
હસતા હસતા હેત વધારતા રે,
એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ. સજની. ૫
સદા શ્વેતાંબર શ્રીજી ધારતારે,
અંબર જરકસિયા કોઈ વાર. સજની. ૬
ગુચ્છ કલંગી તોરા ખોસતારે,
ગજરા બાજુ ગુલાબી હાર. સજની. ૭
એ છબી જોવા તલપે આંખડીરે,
મધુરાં વચન સાંભળવા કાન. સજની. ૮
એ હરિ મળવાને હૈડું તપે રે,
પ્રેમાનંદના જીવન પ્રાણ. સજની. ૯

**પદ - ૨**

મનડું મૂર્તિમાં વળગી રહ્યુંરે,
ચિંતવન કરવા ચિત્ત આતુર. મનડું.
તરુણ મનોહર મૂર્તિ નાથનીરે,
[૧]રાજીવ લોચન જોબન પુર. મનડું. ૧
સોળે ચિહ્ન સહિત અતિ શોભતીરે,
સુંદર ચરણ કમળની જોડ. મનડું. ૨
હળવી રહીને હેતે ચાંપતીરે,
ક્યારે હવે પુરશે મનના કોડ. મનડું. ૩
પીંડી જાનું નિત્યે નીરખતીરે,

૧- કમળ.

રૂડા સાથળ ચિહ્ન સહિત. મનડું. ૪
શ્યામ કટી જોઈ જાદવરાયનીરે,
નિત્ય નિત્ય નૌતમ ઉપજે પ્રીત. મન. ૫
ઉંડી નાભી કમળ સરીખડી રે,
ત્રિવળી નીરખી ઉદરમાંય. મનડું. ૬
છાતી ઉપડતી અતિ ઓપતી રે,
હવે ક્યારે ભુજ ગ્રહી બાથ ભરાય. મનડું. ૭
મુખની શોભા જોઈ મહારાજની રે,
લાજે પંકજ પૂરણચંદ. મનડું. ૮
નાસા નેણ ભૃહ જોઈ ભાલનેરે,
જાય બલિહારી પ્રેમાનંદ. મનડું. ૯

**પદ – ૩**

સજની નિમખ ન વિસરે નાથજીરે,
નિત્ય નવા તરુણપણાના ખેલ. સજની.
આ ઓસરીએ આવી બેસતા રે,
આ ઢોલીડે નટવર છેલ. સજની. ૧
આ તકિયો તે વાંસે મેલતારે,
આ માળા ફેરવતા શ્યામ. સજની. ૨
ગાતા ગોઠીડાના સાથમાંરે,
ઘેરે સાદે પૂરણ કામ. સજની. ૩
આ મોજડીયું વહાલો પહેરતારે,
આ છડી લેતા કરવરમાંય. સજની. ૪



આ પાદુકા પહેરી આવતારે,
મારે મંદિર મુનિના રાય. સજની. ૫
આ ફળીયામાં ઘોડી ફેરવતારે,
માણકી મતવાલી મહારાજ. સજની. ૬
સંતની સભા કરી આંહી બેસતારે,
શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ. સજની. ૭
કીર્તન મુનિવરને ગવરાવતારે,
ભેળા ગાતા શ્રીવ્રજચંદ. સજની. ૮
એવા ધર્મકુંવર હરિ ઉપરેરે,
તન મન વારી પ્રેમાનંદ. સજની. ૯

**પદ – ૪**

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે,
ખટકે ઉંડાં અંતરમાંય. લટકાં.
પ્રીત કરી મુજને બોલાવતારે,
તે સંભાળી બહુ દુઃખ થાય. લટકાં. ૧
આ શય્યા તે શ્રી મહારાજનીરે,
આ બાજોઠે બેસતા લાલ. લટકાં. ૨
આ ઠેકાણે જમવા બેસતા રે,
જમતા વિધ વિધનાં પકવાન. લટકાં. ૪
સુંદર શાક કરી વૈંતાકનાં રે,
જમીને દેતા પ્રસાદી કાન. લટકાં. ૫
આ ખળખળીએ નાતા નાથજીરે,

નાહીને હરિજન મુનિલઈ સાથ. લટકાં૦. ૬
આવતા માણેક ચોકમાં મલપતારે,
પુરજન થાતાં જોઈ સનાથ. લટ. ૭
વાલો બેસતા જઈ ફુલ બાગમાં રે,
પહેરતા ગજરા ગુલાબી હાર. લટ. ૮
જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે,
પ્રેમાનંદના પ્રાણ આધાર. લટ. ૯

---------------

### (૩૫) રાગ ગરબી પદ – ૧

સુખના સાગર શ્રીહરિરે,
સહજાનંદજી ધર્મકુમાર શ્યામ સુખ. ટેક.
ધર્મકુળે પ્રગટ થયા શ્રીકૃષ્ણજીરે;
કરવા પામર પતિત ઉદ્ધાર શ્યામ. સુખ. ૧
પશ્ચિમ ભૂમિ તે પાવન કરી રે;
ગુર્જર સોરઠ આદિ દેશ શ્યામ. સુખ. ૨
નિજમત દ્રઢ કરીને સ્થાપન કર્યો રે;
વિચર્યા નટનાગર ધરી વેષ શ્યામ. સુખ. ૩
નૌતમ નિજભકતને સુખ આપીયાંરે;
આપી દિવ્ય અલૌકિક દ્રષ્ટિ શ્યામ. સુખ. ૪
નિજકૃત ધામ સર્વે દેખાડીયાં રે;
સર્વે મુકતતણી ત્યાં સૃષ્ટિ શ્યામ. સુખ. ૫
માયિક મત તે અતિ ખંડન કર્યા રે;



દેખાડી નિજ પ્રબળ પ્રતાપ શ્યામ. સુખ. ૬
જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ ધર્મને રે;
કીધાં તરુણ કળીમાં આપ શ્યામ. સુખ. ૭
યજ્ઞ કરી દ્વિજ તૃપ્ત કર્યા રે;
આપી દક્ષિણા બહુ દાન શ્યામ. સુખ. ૮
કીધાં મંદિર તે શ્રીકૃષ્ણનાં રે;
તેમાં પધરાવ્યા ભગવાન શ્યામ. સુખ. ૯
કીર્તિ બહુ વિસ્તારી લોકમાં રે;
કરવા અગણીત જન ઉદ્ધાર શ્યામ. સુખ. ૧૦
થોડી વયમાં લીલા બહુ કરી રે;
તેનો શેષ ન પામે પાર શ્યામ. સુખ. ૧૧
બહુ સુખ આપીને સુખીયા કર્યા રે;
મેલી પધાર્યા નિજ ધામ શ્યામ. સુખ. ૧૨
સુખના સિંધુ સ્વામી તમ વિના રે;
નથી હવે રહેવાતું ઘનશ્યામ શ્યામ. સુખ. ૧૩
હવે આ નયણે કયારે નીરખશું રે;
સુંદર મૂરતિ સુખની ખાણ શ્યામ. સુખ. ૧૪
હવે મહાદુઃખમાં ઘડી પળ વીતશે રે;
તમ વિના પ્રેમાનંદના પ્રાણ શ્યામ. સુખ. ૧૫

### પદ - ૨

આવું નોતું કરવું નાથજી રે;
ચાલ્યા મારગડામાં મેલી નાથ આવું. ટેક

અમને છળ કરીને તમે છેતર્યાં રે;
નાખ્યાં દુઃખને દરીયે ઠેલી નાથ. આવું. ૧
હવે અમે કે સામું જોઈ જીવશું રે;
કેને પાસે જઈને બેસશું નાથ. આવું. ૨
કેની વાતો સુણી શાંતિ વળે રે;
કેને આગળ દુઃખડાં કહેશું નાથ. આવું. ૩
દુઃખના ડુંગર તે તુટી પડયા રે;
દુઃખના દરિયા ઉલટયા આજ નાથ. આવું. ૪
અમારી દષ્ટિથી અળગા થયા રે;
સહજાનંદજી શ્રીમહારાજ નાથ. આવું. ૫
પુણ્ય અમારાં સહુ આવી રહ્યાં રે;
તમ વિના ઉગ્યા દુઃખના ડાભ નાથ. આવું. ૬
હવે અમે અભાગીયાં થઈ રહ્યાં રે;
હરિ અમે હાર્યા સર્વે લાભ નાથ. આવું. ૭
દુઃખના દિવસ વાંસે કયાં હતા રે;
અમે આવું પહેલું નોતું જાણ્યું નાથ. આવું. ૮
અમે શું જાણું જે તમે મેલશો રે;
મહા વનમાંહી અમારો સાથ નાથ. આવું. ૯
આકાશ તુટી કેમ પડતું નથી રે;
પૃથ્વી કેમ નથી દેતી માગ નાથ. આવું. ૧૦
પાપી પીંડ તે કેમ પડતો નથી રે;
ડસતો કેમ નથી કાળો નાગ નાથ. આવું. ૧૧



કઠણ છાતી કેમ ફાટતી નથી રે;
ચાલ્યા મેલી શ્યામ સુજાણ નાથ. આવું. ૧૨
શું સુખ લેવાને વાંસે રહ્યા રે;
જાતા કેમ નથી પાપી પ્રાણ નાથ. આવું. ૧૩
દુઃખની સીમા તે આવી રહી રે;
એથી દુઃખ બીજું ન કહેવાય નાથ. આવું. ૧૪
દુઃખીયો પ્રેમાનંદ વિનંતિ કરે રે;
સ્વામી કરજો અમારી સહાય નાથ. આવું. ૧૫

**પદ - ૩**

સ્વામી દીનદયાળ છો રે;
દયા દરદી ઉપર આણો નાથ. સ્વામી. ટેક.
અમને તમ વિના મહા દુઃખ છે રે;
દુઃખની વેદના જીવન જાણો નાથ. સ્વામી. ૧
કોઈને દુઃખીયો દેખી નવ શકો રે;
એવા કોમળ કરુણાકંદ નાથ. સ્વામી. ૨
અમે દુઃખીયાંને હરિ સુખીયાં કરો રે;
આવો સ્વામી સહજાનંદ નાથ. સ્વામી. ૩
અમને હેત કરી બોલાવતા રે;
દેતા પ્રસાદીના થાળ નાથ. સ્વામી. ૪
હેતે હળવા રહીને ભેટતા રે;
હવે કયારે મળશો દીનદયાળ નાથ. સ્વામી. ૫
વાઘા પાઘ પછેડી ધોતીયાં રે;

દેતા અંગનાં વસ્ત્ર ઉતારી નાથ. સ્વામી. ૬
દેતા હાર પ્રસાદીના હેતમાં રે;
હસતા સામું જોઈ સુખકારી નાથ. સ્વામી. ૭
કીર્તન વાજામાં ગવરાવતા રે;
ક્યારે ગાતા ગરબી ધોળ નાથ. સ્વામી. ૮
રાજીવ લોચન જોઈને રીઝતા રે;
દેતા મુખમાંથી તંબોળ નાથ. સ્વામી. ૯
કયારે ચરણ કમળ કરુણા કરી રે;
દેતા છાતીમાં સુખધામ નાથ. સ્વામી. ૧૦
માથો હસ્ત કમળ હરિ મેલતા રે;
હવે ક્યારે મળશો શ્રીઘનશ્યામ નાથ. સ્વામી. ૧૧
અમને ચરણામૃત કરી આપતા રે;
દેતા અધરામૃત નીત નીત નાથ. સ્વામી. ૧૨
ભૂષાણ વસ્ત્ર પેરી શોભતા રે;
દેતા દરશન કરી બહુ પ્રીત નાથ. સ્વામી. ૧૩
એવાં સુખ આપીને ઉછેરીયાં રે;
નાના કષ્ટ થકી ઉગાર્યાં નાથ. સ્વામી. ૧૪
પ્રેમાનંદના નાથ મેલી ગયા રે;
અમને મોત વિનાના માર્યાં નાથ. સ્વામી. ૧૫

**પદ - ૪**

શ્રીહરિ સ્વામી સહજાનંદજી રે;
વહાલા વહાલપણું માં વિસારજો રાજ. શ્રીહરિ. ટેક.



શ્રીહરિ નેહ નિભાવણ નાથજી રે;
અરજી અબળાની ઉર ધારજો રાજ. શ્રીહરિ. ૧
જે દહાડાથી મારા નાથજી રે;
પધાર્યા છો નિજધામ રાજ. શ્રીહરિ. ૨
તે દહાડાથી થયાં અમે દુઃખીયાં રે;
કાંઈ નવ સુઝે ઘરનું કામ રાજ. શ્રીહરિ. ૩
નીર વિના જેમ માછલી રે;
સુરજ વિના જેવાં નેણ રાજ. શ્રીહરિ. ૪
મણી રે વિના જેવો અહિ ફરે રે;
તેમ તમ વિના અમે સુખદેણ રાજ. શ્રીહરિ. ૫
વ્યાધિ વિરહે વિંધ્યો પ્રાણીયો રે;
સુખ નહિ દિવસ ને રાત રાજ. શ્રીહરિ. ૬
ઘેલી સરખી સહુ ઘરમાં ફરું રે;
કેને કહીએ દુઃખની વાત રાજ. શ્રીહરિ. ૭
ભોજન ખાન પાન ભુલી ગઈ રે;
નેણે આંસુ નવ સુકાયે રાજ. શ્રીહરિ. ૮
તમ વિના હૈડામાં હોળી બળે રે;
પળ પળ પ્રલય જેવી જાયે રાજ. શ્રીહરિ. ૯
કુસુમની સજયા તે શૂળી થઈ રે;
સરવે પુરુષ તે ભોયંગ રાજ. શ્રીહરિ. ૧૦
તમ વિના પ્રાણનાથજી રે;
અમને ન ગમે કેનો સંગ રાજ. શ્રીહરિ. ૧૧

શીતળ ચંદન ચંદ્રની કીરણું રે;
તે જેમ દાવાનળ સમ લાગે રાજ. શ્રીહરિ. ૧૨
સુંદર મંદિર ગોખ અટારીયો રે;
તેમાં મનડું નવ અનુરાગે રાજ. શ્રીહરિ. ૧૩
અંબર ભૂષણ તો વિષ સમ થયાં રે;
દેખી કંપે મારું હૈયું રાજ. શ્રીહરિ. ૧૪
એવું જાણી દરશન આપજો રે;
પ્રેમાનંદના પ્રાણ આધાર રાજ. શ્રીહરિ. ૧૫

---------------

### (૩૬) રાગ ગરબી પદ – ૧

એક સમે અમદાવાદમાં, આવ્યા શ્યામ સુજાણ;
મૂર્તિ શોભે મહારાજની, જાણે ઉગ્યા સુરજ ભાણ. ૧
નવઘરું શિરે શોભતું, જાણે રવિનો ભાસ;
જોઈને મોહી સુર વિનતા, વિમાન છાયાં આકાશ. ૨
મેઘાડંબર હરિ ઉપરે, ઈન્દ્રે ધર્યો તે વાર;
ચંદન પુષ્પની વૃષ્ટિ કરે, બ્રહ્માદિ દેવ અપાર. ૩
કેસર તિલક સોહામણું, શોભે ભાલ વિશાળ;
નાસા ભ્રકુટી વાંકડી, ગાલે ટીબકડીનો તાલ. ૪
શોભે અધર અતિ રાતડા, માંહી મધુરી હાસ;
દાસ ગોપાલ કહે દંતની, પંક્તિ કરે પ્રકાશ. ૫

### પદ - ૨

કુંડળ પેર્યાં કાનમાં, નેત્ર અણીયાળાં લાલ;



કંઠે કૌસ્તુભમણી શોભતો, પહેરી મોતીડાંની માળ. ૧
બાંયે બાજુ બંધ બેરખા, હેમ કડાં બેઉ હાથ;
પહેરી સોના કેરાં સાંકડાં, શોભે ત્રિભુવન નાથ. ૨
જામો જરીનો જાદવે, પહેર્યો અમુલી સાર;
ખભે રેંટો ગુઢા રંગનો, ગળે ગુલાબી હાર. ૩
કમર કટારો વાંકડો, કશ્યો વિહારીલાલ;
નાડી લટકે રૂડી હીરની, સોનેરી સુરવાલ. ૪
તોડા પહેર્યા સોના તણા, પહેરી મોજડીયું પાય;
દાસ ગોપાલ કહે જોઈને, અંતર આનંદ થાય. ૫

### પદ - ૩

આગે અસ્વારીનો સ્વાંગજો, વાંસે મુનિનાં વૃંદ;
પડખે પાળાનાં જોડલાં, મધ્યે શોભે જગવૃંદ. ૧
છત્રની શોભા શીરપર, ચમરના ઝોકાર;
નિશાન નેજા અબ્દાગીરી, નેકી કરે પોકાર. ૨
ભેરી ભુંગળ ને વાંસળી, મુદંગ પડઘમ સાર;
ઢોલ નગારાં ગડગડે, વાજીંત્રનો નહિ પાર. ૩
સામૈયું લઈને શ્યામને, આવ્યા હરિજન સાથ;
થાળ ભરીને મોતીયે, વધાવ્યા દીનો નાથ. ૪
આસુરી લાગ્યા બળવા, છાતી કુટે બહુ પેર;
દાસ ગોપાળ કહે ઉલટાં, ખુણે ખાતર પડ્યાં ઘેર. ૫

### પદ - ૪

એવી શોભાને ધારતા, આવે મનોહર લાલ;

અમૃત તણી દ્રષ્ટિ કરે, સૌને વધારે વા'લ. ૧
ચૌટામાં ચાલ્યા શ્યામળો, ભીડ મચી ભરપુર;
ગુણીજન ભેટું લઈને, આવ્યા હરિને હજુર. ૨
મેડી ઝરૂખે જાળીયે, ચડી હેરે પુરનાર;
પુષ્પ વેરે પારીજાતનાં, છાંટે ચંદનની ગાર. ૩
નગરશેઠ હેમાભાઈ, તેની માતાયે ઘેર;
સોનાનાં ફુલડે વધાવીયા, શ્યામ સુંદર બહુ પેર. ૪
પુરવાસી પાવન કરી, આવ્યા મંદિરમાં આપ;
દાસ ગોપાળ કહે બાળીયાં, કોટી જનમનાં પાપ. ૫

**પદ - ૫**

બેઠા સિંહાસન ઉપરે, સહજાનંદ સુખધામ;
ચારે કોરે સખા શોભતા, વચ્ચે છબીલો શ્યામ. ૧
દુર્લભ સાહેબ આવીયો, કાને સુણી ભગવાન;
બળી રાજાની રીત્યે, અર્પ્યું ભૂમિનું દાન. ૨
પ્રભુ પાત્ર પોતે મળ્યા, સહજાનંદ સુજાણ;
સૂર્ય ચંદ્રની સાંખ્યે, અર્પી ભૂમિ પરમાણ. ૩
આશીર્વાદ આપી કરી, દીધો અભય વર શ્યામ;
મુલકનો પાદશાહ જંદ્રેલ, પમાડ્યો અક્ષરધામ. ૪
કરુણા સાગર કૃપા કરી, દીધો અભય વર સાર;
દાસ ગોપાલ કહે ટાળ્યા, જમપુરીના માર. ૫

**પદ - ૬**

શ્રીપુર મધ્યે શોભતું, પ્રથમ કરીને ધામ;



પોતે મળી પધરાવીયા, નરનારાયણ નામ. ૧
વિપ્ર ચોર્યાશી નાતના, તેડાવીયા તતકાળ;
સામાન લઈ ગંજ મારીયો, જઈને કાંકરીયાની પાળ. ૨
સીધાં સાકરનાં શ્યામળે, આપ્યાં કરીને પ્યાર;
જતન કરીને જમાડીયા, વિપ્રનાં યુથ અપાર. ૩
કાંકરીયે દેરા તાણીયા, સો સો ગાઉની સીમ;
દળ દીસે રળીયામણું, માંહી છે અર્જુનને ભીમ. ૪
પુરનો રાજા આવીયો, અશ્વારી લઈ તે વાર;
દાસ ગોપાળ કહે પક્રમા, કરે છે વારમવાર. ૫

**પદ - ૭**

નાહીને કાંકરીયાના નીરમાં, સખા સહિત તતકાળ;
આવીને મેમદાવાદમાં, બેઠા જમવાને થાળ. ૧
અગણિત અસુરો આવીયા, કરી નગારે ઠોર;
મારો મારો શબ્દ કરી, કરે કતોહલ જોર. ૨
વૃષ્ટિ કરે તીખાં બાણની, નાખે બંદુક જંજાળ;
જમી ઉઠી ઘોડે ચડી, સ્વામી ગયા વહેલાળ. ૩
આજ્ઞા આપી યુદ્ધ કરો, મારો જેમ તેમ થાય;
અગણિત ફોજો વાંસે જોઈ, અસુર ભાગ્યા જાય. ૪
દાંતોમાં ખડ લઈ ભાગીયા, નાખી દીધાં હથીયાર;
દાસ ગોપાળ કહે મુખીયા, મારી નાખ્યા બે ચાર. ૫

**પદ - ૮**

સંવત અઢાર બ્યાસીએ, રંગ કરીને સાર;

નાખ્યો સંતોના ઉપરે, થાળીઓ ભરીને અપાર. ૧
રસબસ કીધા રંગમાં, સાધુ પાળા હરિજન;
નાખે ગુલાલની ઝોળીયું, તે પર ત્રિભુવન. ૨
તાકી મારે પીચકારીયો, મુખ પર અલબેલ;
કીચડ થયો ભૂમિ ઉપરે, ચાલી છે રંગની રેલ. ૩
કેસરીયા થઈ ઘનશ્યામજી, અશ્વે ચડી બલવીર;
ચાલ્યા સખાના સંગમાં, ન્હાવા ગંગાના નીર. ૪
હાથી ઘોડા રથ પાલખી, સાધુ પાળાની ભીડ;
દાસ ગોપાળ કહે ઉતર્યા, જઈને સાબરને તીર. ૫

## પદ - ૯

રંગ ભરેલા લાલજી, જળમાં ઝીલે બળવીર;
રાતાં થઈને વહેવા લાગીયાં, સાબરમતીનાં નીર. ૧
પોતે ગંગાજી આવીયાં, મૂર્તિમાન સાક્ષાત;
હાથ જોડીને હરિ આગળે, કરે પુરવની વાત. ૨
તમારા ચરણોથી શ્યામળા, નોખી પડી બહુ કાળ;
સંત સહિત કૃપા કરી, આજ મળ્યા ગોપાળ. ૩
ગંગાને ચરણે નિવાસ દઈ, અશ્વે થયા અસવાર;
મંદિરમાં સંતને જમાડીયા, ઘેબર મોતૈયા અપાર. ૪
ભૂમિકા ભરત ખંડની, તેમાં ઉત્તમ આ શહેર;
દાસ ગોપાલ કહે સ્વામી, ફર્યા છે ઘેરો ઘેર. ૫

---------------



## (૩૭) રાગ : ગરબી પદ - ૧

શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલાં પણ દૂર રે કેસરીયા;
એકવાર ગઢડે પધારજો રે. ટેક.
શેરીએ આવતા શોભતા રે, ઘોડલીએ અસવાર રે. કે. ૧
માણેકચોકમાં મલપતા રે, ઉડે છે અબીલ ગુલાલ રે. કે.૨
ઓશરીએ ઢોલીયો ઢળાવતા રે, બેસતા બહુવાર રે. કે.૩
ગોપીનાથનાં મંદિરીયાં રે, તમ વિના સૂનાં દેખાય રે. કે. ૪
સહજાનંદજી સુજાણ છો રે, બ્રહ્માનંદના રાય રે. કે. ૫

## પદ - ૨

સૂનું મુક્યું તમે ગઢડું રે, ક્યાં ગયા ધર્મકુમાર રે શામળિયા;
સુણો કહું એક વિનતી રે. ટેક.
ઉન્મત્ત ગંગાના નીરમાં રે, લીલા કરંતા અપાર રે. શા. ૧
તમ વિના પુરના જનને રે, અન્ન તે વિષતુલ્ય થાય રે. શા. ૨
અક્ષરઓરડીમાં પોઢતા રે, તમ વિના સુનીદેખાય રે. શા. ૩
રાજ માર્ગમાં ચાલતા રે, સર્વે મુનિ ચારે પાસ રે. શા. ૪
બ્રહ્માનંદના નાથજી રે, આવો વહેલા અવિનાશ રે. શા. ૫

## પદ - ૩

સહજાનંદજી સુખરૂપ છો રે, શોભા તણા શણગાર રે;
મોહનવર દયા કરી દર્શન આપજો રે. ટેક.
પૂર્વે કહ્યું તું ઉદ્ધવને રે, લઈશ બીજો અવતાર રે. મોહ. ૧
પુરુષોત્તમ તમે પ્રગટીરે, કર્યાં તે સહુનાં કાજ રે. મોહ. ૨
સુખસાગર ઘનશ્યામજી રે, દેતા સુખ જહાજ રે. મોહ. ૩

શ્રીજીતમે ભક્તિધર્મથીરે, ભૂપર ધર્યો અવતાર રે. મોહ. ૪
બ્રહ્માનંદકહે મારે તમ થકીરે, અંતરે સુખ અપાર રે. મોહ. ૫

**પદ – ૪**

સ્વામિનારાયણ સત્ય છો રે,પ્રગટ થયા પરબ્રહ્મ રે;
પુરુષોત્તમ અક્ષરપતિ અલબેલડા રે. ટેક.
કૌશલદેશથી આવિયા રે, આંહી રહ્યા પુરણકામ રે. પુ. ૧
સહજાનંદજી હું તમ વિના રે, ઘેલી ફરું જગમાંય રે. પુ. ૨
મુજને સંભાળજો શામળા રે, રહેજો મારા અંતરમાંય રે. પુ. ૩
તમ વિના મારા નાથજી રે, કોઈનો નહિ મારે ભાર રે. પુ. ૪
બ્રહ્માનંદના શામળા રે, મેલોમાં ઘડી દૂર રે. પુ. ૫

**(૩૮) પદ – ૧**

શ્રીજી મહારાજ માગું શરણ તમારું;
શરણ તમારું માગું શરણ તમારું. શ્રીજી.
અખંડ છતાં મુરારી, આપે થયા અવતારી;
મનુષ્ય લીળા બતાવી, ગુણ શા ઉચ્ચારું. શ્રીજી.
પ્રગટ પ્રભુ પીછાન્યા, ધન્યભાગ્ય મારાં;
મળ્યા સહજાનંદ સ્વામી, અધમ ઉદ્ધાર્યા. શ્રીજી.
રામ રૂપે રાવણ માર્યો, કૃષ્ણરૂપે કંસ સંહાર્યો;
નારાયણનું નામજ લેતાં અજામેલ તાર્યો. શ્રીજી.
ગઢડું ગોકુળસમ કીધું, ઘેલા નીર પ્રેમે પીધું;
દાદાખાચરને દીધું, મોક્ષપદ પ્યારું. શ્રીજી.
ભગવત સુત કહે છે પ્રીતે, પ્રભુ ભજો રૂડી રીતે;



ભવ જળ તરવાનું, નાવ છે આ સારું. શ્રીજી.

---------------

**(૩૯) રાગ : મેવાડી પદ – ૧**

હૈડાનો હાર હરિ રે, મારે રંગભીનો,
હૈડાનો હાર હરિ. ટેક.
મંદિરમાં પધરાવી મોહનને,
ભેટું હું અંક ભરી રે. મારે. ૧
જગના જીવનને હું નહીં દઉં જાવા,
રાખીશ જતન કરીરે. મારે. ૨
રસિક નવલ વર રાજેશ્વરને,
નીરખીને નયણાં ઠરીરે. મારે. ૩
બ્રહ્માનંદના નાથાને સજની,
મન કર્મ વચને વરીરે. મારે. ૪

**પદ – ૨**

વર નંદલાલ વરું રે, સખી અલબેલો,
વર નંદલાલ વરું. ટેક.
મૂરખ લોક દાઝીછોને મરતાં,
કોઈની શંકા ન ધરુંરે. સખી. ૧
કાન કુંવર સંગે નેહ કરીને,
જગથી તે શીદ ડરું રે. સખી. ૨
પરણું તો વર પુરુષોત્તામ પરણું,
નહીં તો કુંવારી મરુંરે. સખી. ૩

બ્રહ્માનંદના નાથને માથો,
તન કુરબાન કરુંરે. સખી. ૪

**પદ – ૩**

ઘોળી હું ગિરધરીયા રે, માથે તારે મોહન,
ઘોળી હું ગિર. ટેક.
પ્રાણજીવન મારે મહોલ પધારો,
ભૂધર રંગ ભરીયા રે. માથે. ૧
પહેલી પ્રિત કરીને મારા,
પ્રાણ તમે હરીયા રે. માથે. ૨
મસ્તકને સાટે મેં તમને,
વાલમજી વરીયા રે. માથે. ૩
બ્રહ્માનંદ કહે એક ઘડી દૂર,
રહો માં ડોલરીયા રે. માથે. ૪

**પદ – ૪**

લાગેલ રંગઝડી રે, મારે રસિયાજી શું,
લાગેલ રંગઝડી. ટેક.
મોહનલાલ રંગીલાની મૂરતિ,
જીવડલામાં જડી રે. મારે. ૧
પ્રાણજીવન પાતળીયાની આગે,
હાથ જોડીને ખડી રે. મારે. ૨
મીટ થકી ક્ષણું દૂર ન મેલું,
પ્રેમને પાશ પડી રે. મારે. ૩



બ્રહ્માનંદના નાથને ભેટી,
ધન્ય ધન્ય આજ ઘડી રે. મારે. ૪

---------------

***(૪૦) રાગ ગરબી પદ – ૧***

ચાલ સખી જોવાને જાઈએ, ખાંતીલો વનમાં ખેલે રે;
લટકાં કરીને નંદજીનો રે લાલો, રંગભીનો રંગ રેલે રે. ૧
મોરલીને તાને મનોહરવાને, ચિત્તડાંને લલચાવે રે;
વ્રજનારીનો જીવન વ્હાલો, ગીત મધુરાં ગાવે રે. ૨
જોરે જોરે ગળે બાંહડલીરે નાખે, હેત કરી ઝાલે હાથે રે;
ફુલડાંના હાર પહેર્યા છે રે કોટે, મેલ્યાં છે છોગલાં માથે રે. ૩
ગોવાળાને મનડે રે ગમતાં, ચરિત્ર કરે વનમાળી રે;
જલદીથી જાઈએ તો સુખીઆંરે થઈએ, ભુધરજીને ભાળી રે.
ઉઠ મારી હેલી જાઈએ વહેલી વહેલી, ધીરજ નથી ખમાતી રે;
બ્રહ્માનંદના સ્વામીને ભેટી, શિતલ કરશું છાતી રે. ૫

**પદ - ૨**

આજ સખી અલબેલો રે વ્હાલો, ઉભા છે જમુનાને તીરે રે;
સુંદર મોરલી હાથ લઈને, વહાઇ તે બળભદ્રવીરે રે. ૧
સાંભળતાં ગુલતાન થઈ હું, શું જાણું શું કીધું રે;
ઘરડાંનો ધંધો હાથ ન લાગે, લટકાળે મન લીધું રે. ૨
મોરલીને નાદે મૃગલાંરે મોહ્યાં, ઉભાં છે તૃણ જળ મેલી રે;
વહેતાં સ્થંભ્યાં જમુનાજીનાં પાણી, થકીત થયાં વનવેલી રે. ૩
વ્હાલાની બંસી સુણીને વનમાં, મગન થયાં છે પંખીરે;

શબ્દ સુણીને શ્રવણ લોભાણાં, રૂપે લોભાણી આંખી રે. ૪
બ્રહ્માનંદના વ્હાલાની બંસી, જે સુણશે નરનારી રે;
કેડે કેડે કહાનુડાને ફરશે, ઘરનાં તે કારજ વિસારી રે. ૫

## પદ - ૩

સુંદરવર મારા પ્રાણના જીવન, અલબેલા ઘેરે આવોરે;
હું છું દાસી ચરણકમલની, બાંહ્ય ગ્રહી બોલાવો રે. ૧
લટકાળા તારાં લટકાંરે જોઈને, મોહી રહ્યું મન મારુંરે;
તન મન ધન હું તો સર્વે લઈને, વાલમ તમ પર વારું રે. ૨
મારું તે સર્વે તમારું છે મોહન, અંતર રંચ મ આણોરે;
સુંદર નેણે સુકોમળ વેણે, મુજને પોતાની જાણો રે. ૩
તમ કારણ શ્યામળીયારે વ્હાલા, લોકની લજ્યા ત્યાગીરે;
રાત દિવસ સુતાં સ્વપ્નામાં, રટના તમારી લાગી રે. ૪
સગાં કુટુંબ પીયર સાસરીયાં, સર્વે મેલ્યાં વીસારીરે;
બ્રહ્માનંદ કહે શ્યામ મનોહર, મન વસીયા મોરારી રે. ૫

## પદ - ૪

મનમોહન મારે મંદિરીએ, ખાંતે આવીને ખેલોરે;
બાંધો બાજુ કાજુ ગજરારે પહેરો, માથે તે છોગલાં મેલો રે. ૧
વિધવિધના હું તો પાક કરાવી, જુક્તિથી તમને જમાડું રે;
હૈડાં ઉપર લઈને હરિવર, રૂડી તે રીતે રમાડું રે. ૨
મૂર્તિ તમારી શ્યામ મનોહર, નીરખી ઠરે મારાં નેણાં રે;
મનમોહન લાગે અતિ મીઠાં, વ્હાલા તમારાં વેણાં રે. ૩
મુજ ઉપર અલબેલા રે વ્હાલા, બેહું તમારું બાનું રે;



સર્વે લોકમાં સહુ કોઈ જાણે, કેમ કરી રાખું છાનું રે. ૪
અંતર આશ ઘણી છેરે વ્હાલા, આવીને સુખડાં આપો રે;
બ્રહ્માનંદના શ્યામ સોહાગી, પોતાની કરી સ્થાપો રે. ૫

# સમાપ્ત

# એકાદશી મહાત્મ્ય

દશમને દિવસે સૂર્ય આથમ્યા પછી ઉંચે આસને બેસીને સર્વ વિધિના જાણનારા પ્રસન્ન મુખવાળા શ્રીસહજાનંદ સ્વામીએ પોતાના હરિભક્તોને કહ્યું કે-

સર્વ સાધુઓ હરિભક્તો તથા બાઇઓ ! મારાં વચને સાંભળો હું તમારા સર્વનો ગુરુ છું. માટે તમારા હિતની વાત કરું છું, જે આવતી કાલે પ્રબોધની એકાદશી છે માટે અમારા સર્વ આશ્રિતોએ એકાદશીનું વ્રત કરવું, કેમ કે- પુરુષોત્તમ જે શ્રીકૃષ્ણ તે અમારા ઈષ્ટદેવ છે અને એકાદશી એ એમનું વ્રત છે. માટે સૌએ તે વ્રત જતન કરીને કરવું; જે મૂર્ખ માણસ એકાદશીનો ઉપવાસ ન કરે તે રૌરવ નામના અંધારા નર્કકુંડમાં પડે છે અને બ્રહ્મહત્યાદિક સર્વ પાપો એકાદશીને દિવસે અન્ન ખાનાર માણસને વળગે છે, તેમજ મા-બાપ અને ગુરુની હત્યાનું પાપ પણ લાગે છે. દર મહિને બે એકાદશી આવે છે તે દિવસોમાં જે અન્ન ખાય તેને દરેક કોળીયે આખી પૃથ્વીનું પાપ લાગે છે; અને બ્રહ્મહત્યાદિ સર્વ પાપના નિવારણનો ઉપાય ડાહ્યા પુરુષોએ શાસ્ત્રમાં કહ્યો છે. પણ એકાદશીને દિવસે અન્ન ખાનાર મનુષ્યના પાપનું નિવારણ નથી. વળી આ લોકમાં જે મનુષ્ય દારૂ પીએ તે પીનારો એકલોજ નર્કમાં પડે છે પણ એકાદશીના દિવસે અન્ન ખાનાર મનુષ્ય તેના પિતૃ સહિત નર્કમાં પડે છે; માટે ભગવાનના ભક્ત જે પુરુષ તથા સ્ત્રીઓ તે સઘળાંએ બધી એકાદશીઓ કરવી અને અંધારીઆ પક્ષ તથા અજવાળીઆ પક્ષની સર્વે એકાદશીઓ સરખી છે કોઈ અધિક ન્યૂન નથી.

આઠ વર્ષની ઉપર અને એંશી વર્ષની અંદરની ઉંમરના સર્વ મનુષ્યોએ બન્ને પખવાડીઆની એકાદશીઓ કરવી તે બ્રહ્મચારી,



ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસી સૌએ તથા સૌ સ્ત્રીઓએ એકાદશીનું વ્રત કરવું અને વિધવા સ્ત્રી જો એકાદશીને દિવસે અન્ન ખાય તો તેનું સઘળું પુણ્ય નાશ થઈ જાય છે. તથા તેને દિવસ દિવસ પ્રત્યે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. એકાદશીને દિવસે દરેક મનુષ્યે ઇંદ્રિયોને નિયમમાં રાખી ઉપવાસ કરીને મધુસૂદન એવા ભગવાનની પૂજા કરવી અને ભગવાનની કથા, વાર્તા, કીર્તન કરતાં સાંભળતાં રાત્રીએ જાગરણ કરવું. જેમ શરદઋતુ જળના મેલનો નાશ કરે છે તેમ ઉપર પ્રમાણે વ્રત કરનાર મનષ્યના સર્વ પાપનો નાશ થઈ જાય છે. અને એકાદશીના વ્રતરૂપી અગ્નિએ કરીને સો જન્મનાં કરેલાં પાપો બળીને ભસ્મ થઈ જાય છે. એકાદશીનું વ્રત જેવું પાપને નાશ કરનાર છે તેવું બીજું મનુષ્યના પાપને ટાળનાર કોઈ નથી. એકાદશીનું શુભ વ્રત મનુષ્ય ન કરે ત્યાં સુધી જ તેના દેહમાં પાપ રહે છે પણ વ્રત કર્યા પછી રહેતું નથી. ચંદ્ર અને સૂર્યના ગ્રહણ વખતે કુરુક્ષેત્રમાં ગૌદાનનું જેટલું પુણ્ય થાય છે તેટલું એકાદશીના એક ઉપવાસથી થાય છે; અને એક લાખ ધન સ્ત્રીના ત્યાગી સાઠ હજાર વર્ષ સુધી ઘેર જમે તેના જેટલું પુણ્ય પોતાના ધર્મમાં દઢ નિષ્ઠાવાળા ભગવાનના આશ્રિત મનુષ્યને એક એકાદશીના વ્રતથી થાય છે. અને હજાર અશ્વમેઘ યજ્ઞનું અને સો રાજસૂય યજ્ઞનું પુણ્ય એક એકાદશીના પુણ્યના સોળમાં ભાગની બરાબર પણ થતું નથી. અગિયાર ઇંદ્રિયોથી પૂર્વે કરેલાં સર્વ પાપો એકાદશીના ઉપવાસથી નાશ પામે છે, અને એકાદશી જેવું પાપને નાશ કરનાર બીજું કોઈ નથી, કેમ રીસાઈને કરેલી એકાદશી પણ જમપુરી દેખાવા દેતી નથી. વળી એ એકાદશી સ્વર્ગ આપે છે. મોક્ષ આપે છે, શરીરના રોગનો નાશ કરે છે. તથા પુત્ર, સ્ત્રી અને રાજ્ય એ સઘળું આપે એવી છે. એકાદશી સમાન

ગંગા નથી., ગયા નથી, કાશી નથી, પુષ્કર નથી, કુરુક્ષેત્ર નથી, રેવા નથી, યમુના નથી તથા ચંદ્રભાગા પણ નથી થતી, કારણ કે એકાદશીનું વ્રત કરનાર મનુષ્ય શ્રમ કર્યા વિના પરમ મોક્ષને પામે છે, અને રાત્રીના જાગરણ સાથે એકાદશીનો ઉપવાસ કરીને પાપ રહિત થયેલા મનુષ્ય ભગવાનના ધામને પામે છે, વળી તે મનુષ્ય માતાની, પિતાની, સ્ત્રીની અને પોતાની દસ દસ પેઢીઓ મળી ચાળીશ પેઢીઓનો મોક્ષ કરે છે. એકાદશી કલ્પવૃક્ષ તથા ચિંતામણીની પેઠે મનુષ્યના મનોરથ પૂરનારી છે, તેથી તે વ્રત વડે મનુષ્ય પૂર્ણ કામ થાય છે. અને એકાદશીનું વ્રત કરનાર ઉત્તમ મનુષ્ય ચતુર્ભુજ થઇ ગરુડ પર બેસી, કંઠમાં માળાઓ ધારણ કરી અને પીળાં પીતાંબર પહેરીને ભગવાનના ધામને પામે છે અને ફરીને સંસારને પામતો નથી.

આ પૃથ્વીને વિષે સઘળાં પાપરૂપી કાષ્ટને બાળી નાખનાર અગ્નિ સરખો આ એકાદશીનો મહિમા મેં તમને કહ્યો. હે ભક્તજનો ! નાનાં મોટાં પાપોને બાળી દેનારું આ એકાદશીનું મેં માહાત્મ્ય કહ્યું, તે અંતરમાં ધારીને સૌએ પોતાના હિત અર્થે એકાદશીનું વ્રત કરવું, અને એકાદશીનો ઉપવાસ કરવામાં અસમર્થ મનુષ્ય હોય તે ફળાહાર કરે. એ રીતે ગૌણ પક્ષે કરીને પણ વ્રત કરવું. (સત્સંગિજીવન પ્રકરણ ત્રીજું અધ્યાય ૩૧)



## નિષ્કામી વ્રતમાન દૃઢ કરવાના ઉપાય

(૧) મનને વશ કરવું :- મનને વિષે અખંડ એવું મનન કરવું કે- ‘‘હું આત્મા છું, દેહ નથી’’ તથા ભગવાનની કથા શ્રવણાદિક જે નવધા ભક્તિ, તેને વિષે મનને અખંડ જોડી મેલવું, પણ ક્ષણ માત્ર મનને નવરું રહેવા દેવું નહિ, જેમ કોઇક પુરુષને ભૂત વશ થયો હતો, તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય તેમ આ મન છે તે પણ ભૂત જેવું જ છે. તે જ્યારે ભગવદ્ ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે. ત્યારે એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય, માટે મનને અખંડ ભગવાનની કથા, કીર્તનાદિકમાં જોડી રાખવું એટલે એ મન વશ થયું કહેવાય.

(૨) પ્રાણને નિયમમાં રાખવો :- ભગવાને ગીતામાં કહ્યું છે જે ‘‘આહાર વિહાર યુક્ત રાખવો પણ અતિશય ખાધા પિધાની લોલુપતા રાખવી નહિ’’ આવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય. પ્રાણ નિયમમાં ન કર્યો હોય, તો ખાધાની મનમાં બહુ તૃષ્ણા રહે, પછી રસનાઇંદ્રિય અનંત પ્રકારના રસમાં દોડતી ફરે, તો બીજી ઇંદ્રિયો વશ કરી હોય તે પણ ઢીલી થઇ જાય. માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો.

(૩) આ સત્સંગને વિષે જેને જે જે નિયમ કહ્યા છે, તેમાં દેહને રાખીને દેહને નિયમમાં કરવો. નિષ્કામ વ્રત રાખવું હોય તેને ઉપરના ત્રણ ઉપાય દૃઢ કરીને રાખવા. (ગ.મ. ૩૩ માંથી)